૮ ૦॥। ૬	૧૮ ૦॥। ૧૩॥	૨૮ ૦॥। ૨૧	૩૮ ૦॥। ૨૮॥	૪૮ ૦॥। ૩૬
૯ ૦॥। ૬॥।	૧૯ ૦॥। ૧૪।	૨૯ ૦॥। ૨૧॥।	૩૯ ૦॥। ૨૯।	૪૯ ૦॥। ૩૬॥।
૧૦ ૦॥। ૭॥	૨૦ ૦॥। ૧૫	૩૦ ૦॥। ૨૨॥	૪૦ ૦॥। ૩૦	૫૦ ૦॥। ૩૭॥

જુઠા સોગન ખાવા નહિ.

૫૧ ૦॥। ૩૮।	૬૧ ૦॥। ૪૫॥।	૭૧ ૦॥। ૫૩।	૮૧ ૦॥। ૬૦॥।	૯૧ ૦॥। ૬૮।
૫૨ ૦॥। ૩૯	૬૨ ૦॥। ૪૬॥	૭૨ ૦॥। ૫૪	૮૨ ૦॥। ૬૧॥	૯૨ ૦॥। ૬૯
૫૩ ૦॥। ૩૯॥।	૬૩ ૦॥। ૪૭।	૭૩ ૦॥। ૫૪॥।	૮૩ ૦॥। ૬૨।	૯૩ ૦॥। ૬૯॥।
૫૪ ૦॥। ૪૦॥	૬૪ ૦॥। ૪૮	૭૪ ૦॥। ૫૫॥	૮૪ ૦॥। ૬૩	૯૪ ૦॥। ૭૦॥
૫૫ ૦॥। ૪૧।	૬૫ ૦॥। ૪૮॥।	૭૫ ૦॥। ૫૬।	૮૫ ૦॥। ૬૩॥।	૯૫ ૦॥। ૭૧।
૫૬ ૦॥। ૪૨	૬૬ ૦॥। ૪૯॥	૭૬ ૦॥। ૫૭	૮૬ ૦॥। ૬૪॥	૯૬ ૦॥। ૭૨
૫૭ ૦॥। ૪૨॥।	૬૭ ૦॥। ૫૦।	૭૭ ૦॥। ૫૭॥।	૮૭ ૦॥। ૬૫।	૯૭ ૦॥। ૭૨॥।
૫૮ ૦॥। ૪૩॥	૬૮ ૦॥। ૫૧	૭૮ ૦॥। ૫૮॥	૮૮ ૦॥। ૬૬	૯૮ ૦॥। ૭૩॥
૫૯ ૦॥। ૪૪।	૬૯ ૦॥। ૫૧॥।	૭૯ ૦॥। ૫૯।	૮૯ ૦॥। ૬૬॥।	૯૯ ૦॥। ૭૪।
૬૦ ૦॥। ૪૫	૭૦ ૦॥। ૫૨॥	૮૦ ૦॥। ૬૦	૯૦ ૦॥। ૬૭॥	૧૦૦ ૦॥। ૭૫

મનને કબજે રાખવું.

ગુરૂ માબાપ અને પ્રભુની હમેશાં સેવા કરવી.

૧ ૧। ૧।	૧૧ ૧। ૧૩॥।	૨૧ ૧। ૨૬।	૩૧ ૧। ૩૮॥।	૪૧ ૧। ૫૧।
૨ ૧। ૨॥	૧૨ ૧। ૧૫	૨૨ ૧। ૨૭॥	૩૨ ૧। ૪૦	૪૨ ૧। ૫૨॥
૩ ૧। ૩॥।	૧૩ ૧। ૧૬।	૨૩ ૧। ૨૮॥।	૩૩ ૧। ૪૧।	૪૩ ૧। ૫૩॥।
૪ ૧। ૫	૧૪ ૧। ૧૭॥	૨૪ ૧। ૩૦	૩૪ ૧। ૪૨॥	૪૪ ૧। ૫૫
૫ ૧। ૬।	૧૫ ૧। ૧૮॥।	૨૫ ૧। ૩૧।	૩૫ ૧। ૪૩॥।	૪૫ ૧। ૫૬।
૬ ૧। ૭॥	૧૬ ૧। ૨૦	૨૬ ૧। ૩૨॥	૩૬ ૧। ૪૫	૪૬ ૧। ૫૭॥
૭ ૧। ૮॥।	૧૭ ૧। ૨૧।	૨૭ ૧। ૩૩॥।	૩૭ ૧। ૪૬।	૪૭ ૧। ૫૮॥
૮ ૧। ૧૦	૧૮ ૧। ૨૨॥	૨૮ ૧। ૩૫	૩૮ ૧। ૪૭॥	૪૮ ૧। ૬૦
૯ ૧। ૧૧।	૧૯ ૧। ૨૩॥।	૨૯ ૧। ૩૬।	૩૯ ૧। ૪૮॥।	૪૯ ૧। ૬૧।
૧૦ ૧। ૧૨॥	૨૦ ૧। ૨૫	૩૦ ૧। ૩૭॥	૪૦ ૧। ૫૦	૫૦ ૧। ૬૨॥

સદ્ગુણો ગરીબાઇ એ સ્વર્ગની કુચી છે.

૫૧ ૧। ૬૩॥।	૬૧ ૧। ૭૬।	૭૧ ૧। ૮૮॥।	૮૧ ૧। ૧૦૧।	૯૧ ૧। ૧૧૩॥
૫૨ ૧। ૬૫	૬૨ ૧। ૭૭॥	૭૨ ૧। ૯૦	૮૨ ૧। ૧૦૨॥	૯૨ ૧। ૧૧૫
૫૩ ૧। ૬૬।	૬૩ ૧। ૭૮॥।	૭૩ ૧। ૯૧।	૮૩ ૧। ૧૦૩॥।	૯૩ ૧। ૧૧૬।
૫૪ ૧। ૬૭॥	૬૪ ૧। ૮૦	૭૪ ૧। ૯૨॥	૮૪ ૧। ૧૦૫	૯૪ ૧। ૧૧૭॥
૫૫ ૧। ૬૮॥।	૬૫ ૧। ૮૧।	૭૫ ૧। ૯૩॥।	૮૫ ૧। ૧૦૬।	૯૫ ૧। ૧૧૮॥
૫૬ ૧। ૭૦	૬૬ ૧। ૮૨॥	૭૬ ૧। ૯૫	૮૬ ૧। ૧૦૭॥	૯૬ ૧। ૧૨૦
૫૭ ૧। ૭૧।	૬૭ ૧। ૮૩॥।	૭૭ ૧। ૯૬।	૮૭ ૧। ૧૦૮॥।	૯૭ ૧। ૧૨૧।
૫૮ ૧। ૭૨॥	૬૮ ૧। ૮૫	૭૮ ૧। ૯૭॥	૮૮ ૧। ૧૧૦	૯૮ ૧। ૧૨૨॥
૫૯ ૧। ૭૩॥।	૬૯ ૧। ૮૬।	૭૯ ૧। ૯૮॥।	૮૯ ૧। ૧૧૧।	૯૯ ૧। ૧૨૩॥
૬૦ ૧। ૭૫	૭૦ ૧। ૮૭॥	૮૦ ૧। ૧૦૦	૯૦ ૧। ૧૧૨॥	૧૦૦ ૧। ૧૨૫

ગરીબોપર દયા રાખી પરોપકાર કરવો.

બધા સાથે હેત પ્રીતિથી વર્તવું

૧	૧॥	૧॥	૧૧	૧॥	૧૬॥	૨૧	૧॥	૩૧॥	૩૧	૧॥	૪૬॥	૪૧	૧॥	૬૧॥
૨	૧॥	૩	૧૨	૧॥	૧૮	૨૨	૧॥	૩૩	૩૨	૧॥	૪૮	૪૨	૧॥	૬૩
૩	૧॥	૪॥	૧૩	૧॥	૧૯॥	૨૩	૧॥	૩૪॥	૩૩	૧॥	૪૯॥	૪૩	૧॥	૬૪॥
૪	૧॥	૬	૧૪	૧॥	૨૧	૨૪	૧॥	૩૬	૩૪	૧॥	૫૧	૪૪	૧॥	૬૬
૫	૧॥	૭॥	૧૫	૧॥	૨૨॥	૨૫	૧॥	૩૭॥	૩૫	૧॥	૫૨॥	૪૫	૧॥	૬૭॥
૬	૧॥	૯	૧૬	૧॥	૨૪	૨૬	૧॥	૩૯	૩૬	૧॥	૫૪	૪૬	૧॥	૬૯
૭	૧॥	૧૦॥	૧૭	૧॥	૨૫॥	૨૭	૧॥	૪૦॥	૩૭	૧॥	૫૫॥	૪૭	૧॥	૭૦॥
૮	૧॥	૧૨	૧૮	૧॥	૨૭	૨૮	૧॥	૪૨	૩૮	૧॥	૫૭	૪૮	૧॥	૭૨
૯	૧॥	૧૩॥	૧૯	૧॥	૨૮॥	૨૯	૧॥	૪૩॥	૩૯	૧॥	૫૮॥	૪૯	૧॥	૭૩॥
૧૦	૧॥	૧૫	૨૦	૧॥	૩૦	૩૦	૧॥	૪૫	૪૦	૧॥	૬૦	૫૦	૧॥	૭૫

કોઇના પણ મશ્કરી કરવી નહિ.

૫૧	૧॥	૭૬॥	૬૧	૧॥	૯૧॥	૭૧	૧॥	૧૦૬॥	૮૧	૧॥	૧૨૧॥	૯૧	૧॥	૧૩૬॥
૫૨	૧॥	૭૮	૬૨	૧॥	૯૩	૭૨	૧॥	૧૦૮	૮૨	૧॥	૧૨૩	૯૨	૧॥	૧૩૮
૫૩	૧॥	૭૯॥	૬૩	૧॥	૯૪॥	૭૩	૧॥	૧૦૯॥	૮૩	૧॥	૧૨૪॥	૯૩	૧॥	૧૩૯॥
૫૪	૧॥	૮૧	૬૪	૧॥	૯૬	૭૪	૧॥	૧૧૧	૮૪	૧॥	૧૨૬	૯૪	૧॥	૧૪૧
૫૫	૧॥	૮૨॥	૬૫	૧॥	૯૭॥	૭૫	૧॥	૧૧૨॥	૮૫	૧॥	૧૨૭॥	૯૫	૧॥	૧૪૨॥
૫૬	૧॥	૮૪	૬૬	૧॥	૯૯	૭૬	૧॥	૧૧૪	૮૬	૧॥	૧૨૯	૯૬	૧॥	૧૪૪
૫૭	૧॥	૮૫॥	૬૭	૧॥	૧૦૦॥	૭૭	૧॥	૧૧૫॥	૮૭	૧॥	૧૩૦॥	૯૭	૧॥	૧૪૫॥
૫૮	૧॥	૮૭	૬૮	૧॥	૧૦૨	૭૮	૧॥	૧૧૭	૮૮	૧॥	૧૩૨	૯૮	૧॥	૧૪૭
૫૯	૧॥	૮૮॥	૬૯	૧॥	૧૦૩॥	૭૯	૧॥	૧૧૮॥	૮૯	૧॥	૧૩૩॥	૯૯	૧॥	૧૪૮॥
૬૦	૧॥	૯૦	૭૦	૧॥	૧૦૫	૮૦	૧॥	૧૨૦	૯૦	૧॥	૧૩૫	૧૦૦	૧॥	૧૫૦

અતિશય ખાવું નહિ ને રીસાવું નહિ.

શરીર અને કપડાં સ્વચ્છ રાખવાં.

૧ રા॥ ૨॥	૧૧ રા॥ ૨૭॥	૨૧ રા॥ ૫૨॥	૩૧ રા॥ ૭૭॥	૪૧ રા॥ ૧૦૨॥
૨ રા॥ ૫	૧૨ રા॥ ૩૦	૨૨ રા॥ ૫૫	૩૨ રા॥ ૮૦	૪૨ રા॥ ૧૦૫
૩ રા॥ ૭॥	૧૩ રા॥ ૩૨॥	૨૩ રા॥ ૫૭॥	૩૩ રા॥ ૮૨॥	૪૩ રા॥ ૧૦૭॥
૪ રા॥ ૧૦	૧૪ રા॥ ૩૫	૨૪ રા॥ ૬૦	૩૪ રા॥ ૮૫	૪૪ રા॥ ૧૧૦
૫ રા॥ ૧૨॥	૧૫ રા॥ ૩૭॥	૨૫ રા॥ ૬૨॥	૩૫ રા॥ ૮૭॥	૪૫ રા॥ ૧૧૨॥
૬ રા॥ ૧૫	૧૬ રા॥ ૪૦	૨૬ રા॥ ૬૫	૩૬ રા॥ ૯૦	૪૬ રા॥ ૧૧૫
૭ રા॥ ૧૭॥	૧૭ રા॥ ૪૨॥	૨૭ રા॥ ૬૭॥	૩૭ રા॥ ૯૨॥	૪૭ રા॥ ૧૧૭॥
૮ રા॥ ૨૦	૧૮ રા॥ ૪૫	૨૮ રા॥ ૭૦	૩૮ રા॥ ૯૫	૪૮ રા॥ ૧૨૦
૯ રા॥ ૨૨॥	૧૯ રા॥ ૪૭॥	૨૯ રા॥ ૭૨॥	૩૯ રા॥ ૯૭॥	૪૯ રા॥ ૧૨૨॥
૧૦ રા॥ ૨૫	૨૦ રા॥ ૫૦	૩૦ રા॥ ૭૫	૪૦ રા॥ ૧૦૦	૫૦ રા॥ ૧૨૫

કોઇને નુકશાન થાય તેવાં કામ કરવાં નહિ.

૫૧ રા॥ ૧૨૭॥	૬૧ રા॥ ૧૫૨॥	૭૧ રા॥ ૧૭૭॥	૮૧ રા॥ ૨૦૨॥	૯૧ રા॥ ૨૨૭॥
૫૨ રા॥ ૧૩૦	૬૨ રા॥ ૧૫૫	૭૨ રા॥ ૧૮૦	૮૨ રા॥ ૨૦૫	૯૨ રા॥ ૨૩૦
૫૩ રા॥ ૧૩૨॥	૬૩ રા॥ ૧૫૭॥	૭૩ રા॥ ૧૮૨॥	૮૩ રા॥ ૨૦૭॥	૯૩ રા॥ ૨૩૨॥
૫૪ રા॥ ૧૩૫	૬૪ રા॥ ૧૬૦	૭૪ રા॥ ૧૮૫	૮૪ રા॥ ૨૧૦	૯૪ રા॥ ૨૩૫
૫૫ રા॥ ૧૩૭॥	૬૫ રા॥ ૧૬૨॥	૭૫ રા॥ ૧૮૭॥	૮૫ રા॥ ૨૧૨॥	૯૫ રા॥ ૨૩૭॥
૫૬ રા॥ ૧૪૦	૬૬ રા॥ ૧૬૫	૭૬ રા॥ ૧૯૦	૮૬ રા॥ ૨૧૫	૯૬ રા॥ ૨૪૦
૫૭ રા॥ ૧૪૨॥	૬૭ રા॥ ૧૬૭॥	૭૭ રા॥ ૧૯૨॥	૮૭ રા॥ ૨૧૭॥	૯૭ રા॥ ૨૪૨॥
૫૮ રા॥ ૧૪૫	૬૮ રા॥ ૧૭૦	૭૮ રા॥ ૧૯૫	૮૮ રા॥ ૨૨૦	૯૮ રા॥ ૨૪૫
૫૯ રા॥ ૧૪૭॥	૬૯ રા॥ ૧૭૨॥	૭૯ રા॥ ૧૯૭॥	૮૯ રા॥ ૨૨૨॥	૯૯ રા॥ ૨૪૭॥
૬૦ રા॥ ૧૫૦	૭૦ રા॥ ૧૭૫	૮૦ રા॥ ૨૦૦	૯૦ રા॥ ૨૨૫	૧૦૦ રા॥ ૨૫૦

શેરની ધાત.	મણની ધાત.
૧ શેરના અચ્છેરા ૨	૧ મણના અધમણીઆ ૨
૧ શેરના પાશેરા ૪	૧ મણની દશ શેરા ૪
૧ શેરના નવટાંકાં ૮	૧ મણની પાંચશેરી ૮
૧ શેરના અધોળાં ૧૬	૧ મણના અઢીશેરી ૧૬
૧ શેરના રૂ. ભાર ૪૦	૧ મણની સવાશેરી ૩૨
૧ શેરના પૈસાભાર ૭૨	૧ મણના શેર ૪૦

મહારાણી વિકટોરીઆની	૦ાાા મણના શેર ૩૦
છાપના ૭૨ પૈસા ભારનો શેર	૦ાા મણના શેર ૨૦
થાય છે તે હાલના ૯૬ પૈસા	૦ા મણના શેર ૧૦

ભારથી થાય છે તે ધ્યાનમાં રાખવું.

આ ધાતો ઉપરથી તેને લગતા સવાલો છોકરાઓ પાસે તેમની સમજશક્તિને અનુસરી કઢાવવા પણ જુની પદ્ધતિ પ્રમાણે બીજી ધાતો ગોખાવી દેવી નહિં.

(૧) જેમ કેઃ—૧ શેરનાં અધોળાં ૧૬ તો ૦ાા શેરનાં કેટલાં ? આંકની મદદથી છોકરો કહેશે કે ૧૬ ૦ાા ૮ આમ સવાલથી છોકરાઓ સારૂ સમજશે. કેટલેક ઠેકાણે તો આવા સવાલોને બદલે ધાતો બનાવી ગોખાવવામાં આવે છે જેવી કે,

૧ શેરનાં અધોળાં ૧૬

૦ાાા શેરના અધોળાં ૧૨

૦ાા શેરનાં અધોળાં ૮

૦ા શેરના અધોળા ૪

આ રીત તદન ગોખણ પટ્ટીની છે

(૨) તેમજ ૧ મણુની અઢીશેરી ૧૬
૦।।। મણુની અઢીશેરી ૧૨ આવી રીતે ગો-
૦।। મણુની અઢીશેરી ૮ ખાવી દેવાથી ફ-
૦। મણુની અઢીશેરી ૪ ક્ત પોણો અડધો

ને પા મણુની અઢીશેરીજ છોકરાઓ કહી શકશે પણ તેમને જો ૨।।। મણુની અઢીશેરી પૂછવામાં આવશે તો બીલકુલ જવાબ નહિં આપે માટે આંકની મદદથી ધાતો શીખવવા લક્ષ રાખવું જોઇએ.

લેખાં—ને આંકનાં પલાખાં.

(૧) દરેક છોકરાને ૦।। શેર ચણા આપું તો ૨૫ છોકરાને આપવા કેટલા ચણા જોઇએ ?

(૨) દરેક ભીખારીને ૨।। શેર અનાજ આપુ તો ૩૬ ભિખારીઓને આપવા કેટલા શેર અનાજ જોઇએ ?

(૩) એક કુટુંબમાં હમેશાં ૫ શેર અનાજ વપરાય છે તો ૨।। મણ અનાજ તેમને કેટલા દિવસ પહોંચે ?

(૪) ૨૫ બ્રાહ્મણોને ૩૧।। રૂ. વહેંચ્યા તો દરેકને કેટલા મળ્યા

(૫) આપણી નિશાળમાં રૂ. ૯૬ ની ચોપડીઓ ઇનામ આપવા લાવ્યા તો ૦।। રૂ. ની એક લેખે તે કેટલી ચોપડીઓ હશે ?

(૬) દરેક માણસને ૦।।। શેર મીઠાઈ આપું તો ૭૫ શેર મીઠાઇ કેટલા માણસોને પહોંચે.

(૭) ૪૮ અધોળાં વધારે કે ૨।। શેરી ? ને તે કેટલા ?

(૮) ૬૦ રૂ. ભાર વધારે કે ૨૪ અધોળ વધારે ને તે કેટલાં ?

(૯) ૨ શેરના પૈસા ભાર વધારે કે ૩ા શેરનાં અધોળાં ?

(૧૦) એક ગરીબને ૨ અધોળ ઘી આપું તો ૩ શેર ઘી કેટલાં ગરીબોને આપી શકાય ?

આવા આવા સવાલો ઉલટપાલટ પૂછવાથી વિદ્યાર્થીઓ ધાતો ઘણી સારી રીતે સમજી જશે

(૧૧) ૮ મણની અઢીશેરી અને ૧૨ મણની સવાશેરી કેટલી ?

(૧૨) ૩ મણના શેર અને ૧ાા મણની અઢીશેરી કેટલી ?

(૧૩) ૬ાા મણની પાંચ શેરી અને ૪ મણની દશશેરી કેટલી ?

(૧૪) ૨ા મણના શેર અને ૪ મણની અઢીશેરામાં તફાવત શો ?

(૧૫) ૫ મણની સવાશેરી અને ૬ મણના શેરમાં ફેર કેટલો ?

(૧૬) ૧૯૨ સવાશેરીઓના અને ૨૦૦ અઢીશેરીઓના મણ કેટલા ?

(૧૭) દરેક માણસને કેટલું અનાજ આપીએ તો ૩ મણ અનાજ ૧૫ માણસો વચ્ચે સરખે ભાગે વહેંચી શકાય ?

(૧૪) ૨ મણ ખાંડ ૪૦ છોકરાઓ વચ્ચે સરખે ભાગે વહેંચી આપો

(૧૫) ૦ાા મણ, ૫ અઢીશેરીઓ, ૩ દશશેરીઓ, અને ૧૬૦ શેર, મળીને કુલ કેટલા મણ થશે.

(૧૬) ૬ાા શેર ૨૪ અધોળ, ૮૦ રૂ. ભાર, અને ૧૬ સવાશેરીઓ મળીને કેટલું થયું ?

પરચુરણ આંકને લગતાં તથા સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારને લગતું મોંનું ગણીત.

(૧) ૬ લાડુ ૪ છોકરા વચ્ચે વહેંચીએ તો દરેકને કેટલો આવે ?

(૨) ૧૨ાા રૂ. ૧૦ બ્રાહ્મણોને આપીએ તો દરેકને કેટલા આવે ?

(૩) ૪॥ રૂ માંથી ૨॥ રૂ, ની ટોપી લીધી તો બાકી શું રહે ?

(૪) ૨॥ રૂ. નો ગો, ૧॥ રૂ. ની સાકર ૧૫ રૂ. નું ઘી. ને ૦॥ રૂ. નું તેલ લીધું તો કુલ કેટલા રૂ. ખરચ્યા ?

(૫) ૬ રૂ. મારી પાસે હતા તેમાંથી ૧॥ રૂ. ધરમાદા કર્યો ૦॥ રૂ. ખોવાઇ ગયો. ૧॥ રૂ. ની ટોપી લીધી. ને ૧૫ રૂ. ની ચોપડીઓ લીધી ત્યારે બાકી શું રહ્યું ?

(૬) મારી પાસે ૮૦ નારંગીઓ છે તેમાંથી ૧૪ મારા ભાઇને ૧૫ મારી બેનને ને ૧૨ મારી માને આપી તો બાકી કેટલી રહી ?

(૭) હું ૫૬ રૂ. લઇ બજારમાં ગયો, તેમાં ૧૪ રૂ. નો મેવો, ૧૨ રૂ. ની મીઠાઇ અને ૧૦ રૂ. નું કાપડ લઇ હું ઘેર આવ્યો ત્યારે મારો ભાઇબંધ બીજા ૭ રૂ. આપી ગયો ત્યારે કુલ રૂ. કેટલા થયા ?

(૮) કોટન મીલમાં ૨૦૦૦ માણુસો કામ કરે છે. તેમાં ૮૦ કારકુનો ૧૦ સિપાઇઓ ૫ ગાડીવાળા ને ૨૫ મહેતાઓ છે તો બાકી મજુરો કેટલા હશે ?

(૯) એક નિશાળમાં ૨૫ છોકરા અને ૧૫ છોડીઓ ભણે છે દરેકની ફી. ૦। રૂ. હોય તો બધી મળીને કેટલા રૂ. ફી થાય. ?

(૧૦) ડેપ્યુટી સાહેબે ઘણા હોંશિયાર એવા ૨૫ છોકરાંને ૧૩॥ રૂ. નાં ઇનામ વહેંચ્યા તો દરેકને ભાગ કેટલાં રૂ. નું ઇનામ આવ્યું ?

દિશાઓનું ઓળખાણ.

રાત્રિ વીતી જાય છે. ને સવાર પડવાની તૈયારી થતાં જે ત-રપ સુરજ ઉગતો દેખાય છે. તેને (તેજ બાજુને) પૂર્વદિશા કહે છે. એટલે જે દિશામાં સુરજ ઉગે છે તેને પૂર્વદિશા અથવા ઉગ-મણી દિશા કહે છે. જે દિશામાં સુરજ આથમે છે તેને પશ્ચિમ દિશા અથવા આથમણી દિશા કહે છે. આપણે પૂવની સામે મોં કરીને ઉભા રહીએ તો આપણા ડાબા હાથ તરફની ઉત્તરદિશા. અને જમણા હાથ તરફની દક્ષિણદિશા કહેવાય.

સૂચના:—શિક્ષકે સુરજ ઉગતી વખતે તથા આથમતી વખતે છોકરાઓને દિશાઓનું ભાન કરાવવું નિશાળના મકાનની પૂર્વ બા-જુએ પશ્ચિમ બાજુએ દક્ષિણ અને ઉત્તર બાજુએ કોનાં મકાનો ને શું શું આવેલું છે તે ઉપરથી છોકરાઓને વારંવાર પ્રશ્ન પૂછી મ-હાવરો કરાવવો.

નકશાની દિશાઓ.

નકશા સામે મોં કરીને ઉભા રહીએ તો જમણા હાથ તરફ પૂર્વદિશા આવે.

નકશા સામે મોં કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફ પ-શ્ચિમ દિશા આવે.

નકશા સામે મોં કરીને ઉભા રહીએ તો મથાળે ઉત્તરદિશા આવે.

નકશા સામે મોં કરીને ઉભા રહીએ તો નીચેની દક્ષિણ દિશા આવે.

ખુણાઓ ચાર છે.

અગ્નિ, નૈરૃત્ય, વાયવ્ય, ઇશાન,
૧ પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનો તે અગ્નિ ખુણો.
૨ દક્ષિણ અને પશ્ચિમદિશા વચ્ચેનો તે નૈરૃત્ય ખુણો.
૩ ઉત્તર અને પૂર્વદિશા વચ્ચેનો તે ઇશાન ખુણો.
૪ ઉત્તર અને પશ્ચિમદિશા વચ્ચેનો વાયવ્ય ખુણો.

દિશાઓ તથા ખુણા સંબંધી

દોહરા.

જાગ જાગ ઓ બાળુડા, જો નભનો ચમકાર;
સૂર્ય ઉગ્યો તે બાજુને, પુર્વ દિશાનું ધાર.
સાંજ પડે, સંધ્યા થયે, સૂર્ય નભે ઢંકાય;
નિશ્ચય બાળક માનજે, એ પશ્ચિમ દિશાય,
પૂર્વ ભણી મુખ રાખીને, સ્થિર થઇ જો તું બાળ:
જમણી ગમ દક્ષિણ દિશા, ડાબી ઉત્તર ભાળ.

દક્ષિણ પૂર્વની મધ્યમાં, અગ્નિ કોણ સંભાળ;
દક્ષિણ પશ્ચિમ મધ્યમાં, જો નૈરૃત્ય સુબાળ.
ઉત્તર પૂર્વની મધ્યમાં, છે ઇશાન નિરધાર;
વાયવ્ય કોણ છેલ્લો રહ્યો, પશ્ચિમ ઉત્તર ધાર.
(લેખક. ગૌરીશંકર ઓશારામ. માસ્તર (અમદાવાદ)

ભાવાર્થ:—

જાગ જાગ ઓ બાળક! જાગ! અને આકાશનો પ્રકાશ જો.

જે બાજુએ સુરજ ઉગ્યો છે તે બાજુ પુર્વ દિશા જાણજે. સાંજ પડે અને સાયંકાળ થવાથી સુરજ આકાશમાં ઢંકાઇ જાય ત્યારે જે બાજુએ ઢંકાઇ જાય તેને નક્કી પશ્ચિમદિશા જાણજે. પૂર્વ ભણી મોં રાખીને ટટ્ટાર ઉભો રહીને બાળક! તું જો, તારી જમણી તરફની દક્ષિણ દિશા અને ડાબી તરફની ઉત્તર છે દક્ષિણ અને પૂર્વની વચમાં અગ્નિ ખુણો છે. સુબાળ—સારા બાળક! દક્ષિણ અને પશ્ચિમની વચમા નૈરૃત્ય ખુણો છે. ઉત્તર અને પૂર્વની વચમાં નક્કી ઇશાન ખુણો, તથા છેલ્લો વાયવ્ય ખુણો તે પશ્ચિમને ઉત્તરની વચમાં છે.

પદાર્થ પાઠ.

પાઠ ૧ લો. સવાર ને સાંજ.

દિશાઓ. ૧ જે દિશામાં સુરજ ઉગે તે ઉગમણી કે પૂર્વ દિશા કહેવાય.

૨ જે દિશામાં સુરજ આથમે તે આથમણી કે પશ્ચિમ દિશા કહેવાય.

૩ પૂર્વ દિશા તરફ મોં કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તરદિશા કહેવાય.

૪ પૂર્વ દિશા તરફ મોં કરીને ઉભા રહીએ તો જમણા હાથ તરફની દક્ષિણદિશા કહેવાય

સવારઃ—સાંજ પડવાથી અંધારૂં થઇ જાય ત્યારે રાત કહેવાય છે. રાત્રે માણુસો ને ઢોર થાક્યાં પાક્યાં સુઇ જાય છે. ને રાત્રી વીતી ગયા પછી સુરજ ઉગવાની વખતે જાગે છે. ને એક બીજાને કામે લાગે છે તેને સવાર કહે છે.

સવાર પડતી વખતે સુરજ પૂર્વદિશામાં ઉગવાની તૈયારીમાં હોય છે તે વખતે પૂર્વ દિશા તરફનું આકાશ લાલ ને પીળું દેખાય છે. ઠંડો ધીમો ને મધુરો પવન વાય છે ને પક્ષીઓ એક ઝાડપરથી બીજા ઝાડપર જાય છે, ઉધરે છે ને કલ્લોલ કરે છે તે સવાર કહેવાય છે.

સુરજનો ગોળો થોડીવાર પછી ચળકાટ મારતો વાદળાંમાંથી બહાર નીકળતો જણાય છે; તેનાં કિરણો પૃથ્વીપર પડે છે તેને તડકો કહે છે. જેમ જેમ વખત થતો જાય છે તેમ તેમ તડકો વધતો જાય છે.

સવાર પડતાંની સાથેજ વટેમાર્ગુઓ મુસાફરી કરવાં માંડે છે. ભક્ત લોકો ઇશ્વરનું ભજન કરવા લાગે છે.

રાજદરબાર અને ચોક છંટાય છે. ખેડુતો સીમમાં ખેતીનાં કામ કરવા નીકળી પડે છે. દેવળોમાં પ્રાર્થનાના ઘંટ વાગે છે. કુળવાન બૈરાંઓ ઉઠી ન્હાઇ ધોઇ પાણીનાં બેડા ભરી રસ્તામાં જતાં પગ આવતાં જોવામાં આવે છે. મહેનતુ પુરૂષો પોતપોતાના ધંધે વળગી જાય છે. ભણનારાઓ આ વખતે ભણવા બેસી જાય છે. (કારણ કે સવારના પહોરમાં વાંચેલા પાઠ વધારે યાદ રહી જાય છે. ત્યારે આળસુ, એદી અને અઘોરીઓ ઘસઘસાટ ઉંઘતા હોય છે.

આયો, ભેંસોને ગળામાંથી દોરડાં કાઢી છુટા કરી વગડાનો તાજો ચારો ચરવા લઇ જાય છે. પક્ષીઓ ટોળે મળીને ખોરાક શોધવા નીકળે છે. ચોર લોકો સવાંરે થવાથી પકડાઇ જવાની ધાસ્તીને લીધે સંતાઇ જવાની જગાઓ શોધે છે. એવી રીતે સવારનો દેખાવ માલમ પડે છે.

બપોર. સવારનો વખત વીતી ગયા પછી જેમ જેમ તડકો વધતો જાય છે ને વખત બદલાય છે તેમ તેમ માણુસો તેને જુદા જુદા નામથી ઓળખાવે છે. પણ આપણે તો સવારનો વખત વધ્યા પછી તડકો બહુ વધી જાય છે ને સુરજ જ્યારે માથા ઉપર આવે છે ત્યારે મધ્યાન્હ અથવા ખરા બપોર થઇ ગયા પછી એમ કહીએ છીએ સુરજ પશ્ચિમ દિશા તરફ નમતો જાય છે. અને તડકો ઓછો લાગે છે તે નમતો પહોર કહેવાય છે. પછી સુરજ આથમવા વખત થાય છે તેને પાછલો પહોર, સાંજ અથવા સાયંકાળ કે સંધ્યાકાળ કહે છે.

સાંજ સાંજે સુરજ આથમી ગયા પછી આકાશ લાલ લાલ દેખાય છે. કામે ગએલા માણુસો પાછાં ફરે છે. ઢોર ખેતરમાંથી ચારો ચરી ગામમાં આવે છે. પંખીઓં ચરવાનું છોડી દઇ પોતપોતાના માળા તરફ વળે છે તે વખતને સાંજ કે સંધ્યાકાળ કહે છે આ વખતે તમામ પ્રાણીઓ પોતપોતાનાં કામો બંધ કરે છે પછી ધીરે ધીરે અંધારૂ થતું જાય છે. ત્યારે રાત્રિ કહેવાય છે. રાત્રિના વખતે માણુસો અને પશુ પંખીઓ વાળુ (રાતનું ભોજન) કરી નિરાંતે ઉંઘી જાય છે ને સવાર પડતાં પાછાં ઉઠે છે.

પાઠ ૨ જો. હવા પવન.

હવા. પવન હળવે હળવે વાય છે તે હવા કહેવાય છે. સારીને ઠંડી હવા માંદા માણુસને પણ સાજો બનાવી દે છે. હવા ખાવા માટે માણુસો બાગ બગીચાઓમાં જાય છે. અને રાજાઓ તથા શ્રીમંતો આબુ, ડુમસ વિગેરે પર્વતો ઉપરથી દરિયા કિનારે હવા ખાવા જાય છે. કારણ કે ત્યાં હવા ઘણીજ મૃદુ ઠંડી ને ધીરે ધીરે વાય છે. જેથી માણસોનાં મન બહુ ખુશ થાય છે.

હવા હાથમાં ઝાલી શકાતી નથી. લુગડામાં બાંધી રખાતી નથી ને પેટીમાં પુરી શકાતી નથી. તેમ તેને કોઈ પણ જાતનો રંગ કે સ્વાદ નથી. હવા રંગ વગરની છે.

પરંતુ હવા પાર દર્શક તો છે.

પારદર્શક=આરપાર (એક બાજુથી બીજી બાજુ) સોંસરૂં દેખી શકાય તો જેમકે કાચમાં મોં ધરીશું તે બીજું મોં દેખાશે તેમ હવા પાણી કાચની માફક પારદર્શક છે કારણ કે કોઇ પણ ઠેકાણું એવું નથી કે જ્યાં હવા ન હોય. આપણી અને બાજા કોઇ પણ પદાર્થની વચ્ચે હવા છે છતાં આપણે તે પદાર્થને બરાબર જોઇ શકીએ છીએ માટે હવા પારદર્શક છે.

હવા કયાં છે ને શું કામ કરે છે.

ખાલી જગાઓમાં, ઓરડામાં, આપણી આજુ બાજુ અને બીજે કોઈ પણ ઠેકાણે જઇને આપણે પંખો હલાવીશું કે તરતજ હવા આપણા શરીરને લાગશે.

તેથી સાબિત થાય છે કે આપણે જ્યાં જ્યાં જોઇશું ત્યાં બધે હવા છે. હવા વિના બીલકુલ ચાલી શકે નહિં. (થોડીવાર નાકને મોં બંધ કરવાથી તેની ખાત્રી થશે) જો હવા ન હોય તો માણસો તથા પ્રાણીઓને વનસ્પતિ ગુંગળાઇને મરી જાય ને બધી પૃથ્વી ઉજડ થઈ જાય.

હવાને લીધેજ આપણે જીવીએ છીએ છતાં તે હવા તદ્દન ગ-રીબ છે. આપણે પંખો લઇને હલાવીશું તોજ તે આપણને લાગશે તે સિવાય તેનાથી કાંઈ પણ થઇ શકે નહિં ધજા, કપડું, કે કાગળ પણ તે ઉડાડી શકશે નહિં.

પવનઃ ઝાડનાં પાંદડાં ફડફડ હાલે છે. દહેરા ઉપરની ધજા ફરકે છે. અને આપણાં કપડાં ઉડે છે તે પવન વડે પવન અને હ-વામાં ઝાઝો ફેર નથી–દોડતા ઘોડા ઉપર બેશીએ તો આ-પણને પવનનો ઝપાટો લાગે છે તેમ બાઇસીકલ, મોટર તથા રેલવે ગાડીમાં અને હીંચકા ઉપર બેસવાથી આપ-ણને પવનના સખત ઝપાટા લાગે છે તેજ ખરો પવન.

પવનથી ફાયદો પણ થાય છે ને નુકશાન પણ થાય છે ઘણો પવન થાય તો જમીનપરનો કચરો અને દુર્ગંધી જતી રહે છે. તથા દરિયા ઉપરના વાદળાંને ઘણો પવન ઘસડી લાવે છે ને ડુંગરો જોડે અથડાવી વરસાદરૂપે જમીનપર પાડે છે જેથી અનાજ ફળ ફુલ થાય છે તે ખાઇ પીને માણસો જીવે છે.

એવી રીતે ઘણો પવન વાય છે ત્યારે મોટાં ઝાડોને પણ તોડી પાડે છે. મકાનો પાયામાંથી પાડી દે છે. અને રણોની અંદરથી એ-ટલી બધી રેતી ઉડાડે છે કે તેમાં માણસો અને જાનવરો દટાઇ

જાય છે. તથા સમુદ્રમાં જતાં આવતાં વહાણોને પણ ઉંધા વાળે છે.

હવા અને પવન એ બે એકજ છે પણ જ્યારે ધીમે ધીમે ને શીતળવાઈ માણસોના મન રંજન કરે છે ત્યારે હવા કહેવાય છે. અને ખૂબ જોરથી વાય ત્યારે પવન, વાયરો, વંટોળીઓ કે વાવાઝોડું કહેવાય છે.

પાઠ ૩ જો. ચાક.

ચાકઃ—નિશાળમાં શિક્ષકો કાળા પાટિયા ઉપર ચાક વડે અક્ષર પાડે છે. છોકરાઓ તેનાથી પાટી કે સ્લેટપર કિત્તા લખે છે. તેમ ઘર ધોળવાના કામમાં પણ આવે છે ચાકનો ભુકો કાચના વાસણ સાફ કરવામાં કામ લાગે છે ને ખેડુતો ખાતર તરીકે ખેતરમાં નાખે છે. ચાકનું મુલ ઘણું ઓછું હોય છે. એક પૈસાના ચાકના પાંચ કકડા આવે છે. કેટલાક દેશની ખાણોમાંથી ચાક નીકળે છે દરીઆનાં ઉંડા પાણીમાં ઝીણાં જીવડાંઓ હોય છે તે ચાક બનાવે છે, ચાકમાં ઝીણાં ઝીણાં છીદ્રો હોય છે તેમાં તે જીવડાંઓ ભરાઇ રહેતાં પછી દરીઓ આઘો જવાથી જમીનના થર ચાક પર ચઢી જાય છે, તેનાપર ચીકણી માટી ને ધુળ લાગી જાય છે. તની નીચે ચાક દબાઇ જાય છે. જમીનમાં ઘણે ઉંડે સુધી ખોદતાં ચાક નીકળે છે. ચાકની ખાણો યુરોપ ખંડમાં ઘણી છે.

ચાકને પાણીમાં નાખતાં અંદર ડુબી જાય છે ને પાણીને ચૂસી લે છે માટે તે શોષક કહેવાય છે.

ચાક નક્કર અને અપાર દર્શક છે. તેમ તે ઓગળવો કે પીગળતો નથી. ચાકના કકડાને તથા સીસાને દેવતામાં નાખીશું તો સીસું પીગળશે પણ ચાક પીગળશે નહિં.

ચાકને દેવતામાં તપાવી પછી તેમાં પાણી રેડે છે તો તેનો ચુનો બને છે. એ ચુનામાં રેતી ભેળી તેને ખુંદે છે તો તેનો કોલ બને છે. તે કોલ ઘર બાંધવાના કામમાં આવે છે.

પાઠ ૪ થો.

તાંબુ અને તાંબાનાં વાસણો.

તાંબું ભોંયમાંથી ખોદી કાઢે છે તેની સાથે કોઇ પણ જાતનો ભેળ હોતો નથી. ભોંયમાંથી નીકળે છે ત્યારે પણ તે રાતુંને ચળકતું દેખાય છે- બહાર કાઢી ભઠ્ઠીમાં ગાળી તેનાં પતરાં બનાવે છે. તે પછી તેનો બીજો ઉપયોગ થાય છે.

તાંબુ બહુ નરમ અને પોચું હોય છે. કંસારા લોકો તેને કાતર વડે કાપે છે ત્રાંબાના તાર પણ થઈ શકે છે તે ઉપરાત પાઈ અધેલો, પૈસો ઢબુ વિગેરે સિક્કા તથા લોટા, લોટીઓ. ત્રાંબાકુંડી, કથરોટ, બેડાં, ચરૂ, ચંબુ, વિગેરે ઘણા વાસણો થાય છે. તાંબાનાં વાસણો લાલ અને ચળકતાં હોય છે. પણ તેને હવા લાગવાથી ઝાંખાં પડી જાય છે.

તાંબાના વાસણ પર લીલો થર બાઝેલો કોઇ વખત જોવામાં આવે છે તેને કાટ કહે છે. તે કાટને જંગાલ કહે છે જંગાલ પેટમાં

જાય તો તરત ઉલટી થાય અને મરણ પણ થાય. તાંબાનાં વાસ-ણોને કાટ જલદી ચડે છે માટે કલાઈ દેવરાવવી જોઇએ.

તાંબાને ટીપીને તાર કરી શકાય છે. તેનો રંગ ફિક્કો લાલ છે. તાંબાનો રણકો કે અવાજ થાય છે. જાતે ચીકણું હોવાથી તેના તાર કે પતરાં ભાંગી જતાં નથી. વળી તાંબુ વજનદાર છે (ભારે છે) તેની ખાત્રી કરવા આપણે લાકડાનો કકડો અને ત્રાંબાનો કકડો પાણીમાં નાખીશું તો ત્રાંબુ ડૂબી જશે. પાણીનો પવાલો અને ત્રાંબાના રસનો પવાલો સરખા માપથી ભરીને જોખીએ તો પાણી કરતાં તાંબાનો રસ ઘણો ભારે થઈ જશે.

ત્રાંબા સાથે કલાઈ મેળવવાથી કાંસુ બને છે ને કાંસાનાં ઘણાં વાસણો થાય છે તેમ ઝાલરો પણ બને છે જે મંદિરોમાં વગાડે છે. કાંસાનાં વાસણોને કાટ ચડતો નથી.

તાંબાનાં વાસણો બનાવનારાને કંસારા કહે છે પણ તાંબાના સિક્કા પાઇ, પૈસો, ઢબુ વિગેરે તો સરકાર સિવાય બીજા કોઈથી પાડી શકાય નહિં બીજા માણસો જો સિક્કા પાડે તો તેમને ભારે સજા થાય છે. સિક્કા પાડવાનાં કારખાનાંને ટંકશાળ કહે છે. આ-પણા ઇલાકાની ટંકશાળ મુંબઈમા છે.

પાઠ ૫ મો.

પિત્તળને પિત્તળના વાસણો.

ગયા પાઠમાં આપણે તાંબા વિષે શીખી ગયા છીએ તાંબુ અને લોઢાની પેઠે પિત્તળ ખાણુમાંથી નીકળતું નથી પણ તાંબુ અને જસત એ બે ધાતુની મેળવણીથી થાય છે. એ બે ધાતુને ખૂબ તપાવે છે. એટલે તે ઓગળીને મળી જાય છે. તે પિત્તળ કહેવાય છે. પણ પિત્તળ તાંબા કરતાં કઠણ હોય છે. અને બે ધાતુની મેળવણીથી થાય છે માટે મિશ્ર ધાતુ કહેવાય.

પિત્તળનો રંગ પીળાશ પડતો દેખાય છે. તેથી તે ઝાંખો પીળો રંગ કહેવાય છે.

તાંબા કરતાં પિત્તળનો ચળકાટ વધારે હોય છે અને કઠણ હોવાથી તાંબાનાં વાસણો કરતાં પિત્તળનાં વાસણો વધારે ટકે છે પણ તાંબા કરતાં પિત્તળ સસ્તું મળે છે.

પિત્તળનાં વાસણોને પણ તાંબાના વાસણોની પેઠે ખાટી ચીજ ભરી રાખવાથી કાટ ચડે છે તે પણ પેટમાં જાય તો જંગાલની માફક ખરાબ અસર કરે છે. માટે તેને પણ કલાઈ દેવરાવવી જોઈએ પિત્તળનાં વાસણો માંજેલાં હોય છે ત્યારે વધારે ચળકાટ મારે છે.

થાળીઓ લોટા લોટીઓ કળશીઆ વાડકા, તાસકો તપેલાં બરણી, પવાલી, શિરાંઈ વગેરે ઘણાં વાસણો પિત્તળનાં બને છે. તે ઉપરાંત કઠણ હોવાથી તાળાં, સાંકળો, મજાગરાં, વગેરે પણ બને છે.

પિત્તળના ઘાટ બનાવનારા પણ કંસારા કહેવાય છે.

પાઠ ૬ ઠો તથા ૭ મો.

જુદી જુદી જાતનાં ઘાસ ભા. ૧ લો અને ભા ૨ જો.

ઘાસ ઘણી જાતનાં થાય છે. કેટલીક જાતનાં ઘાસને વાવીએ તોજ ઉગે છે, અને કેટલાંક વરસાદ આવે છે ત્યારે એની મેળે ઉગી નિકળે છે.

પોતાની જાતે ઉગીનીકળનારાં ઘાસ.

(૧) દાભ. (૨) ઝાંઝવો. (૩) મોથ. (૪) દરો કે ધરો. (૫) સરકટ. (૬) મૂંજ વગેરે.

દાભનું ઘાસ—આ ઘાસ જાડી પાંદડીનું હોય છે. એની પાંદડીની કોર ધારવાળી હોય છે. અને મૂળીઆં મોટા સોયા કરતાં પણ જાડાં અને જમીનમાં એટલાં ઉડાં ઉતરેલાં હોય છે કે તે જમીન હળવડે ખેડવાથી પણ મુળીઆં નીકળી જતાં નથી. એવું જણાય છે કે એનાં મૂળ જમીનમાંથી તદ્દન તો કાઢી શકાતાંજ નથી. તેથી જે ખેતરમાં દાભ ઉગે છે ને ખેતર અનાજ કે કાંઇ પણ વાવવાના કામમાં આવતું નથી. મતલબ કે તેમાં કશુંય ઉગતું નથી.

દાભનું ઘાસ જ્યાં સુધી કુમળુ હોય છે ત્યાં સુધી ચરામાં ફરતાં જાનવરો ખાય છે. ને જ્યારે પાકે છે. (સુકાઇ જાય છે.) ત્યારે છાપરાં છાવાનાં કામમાં આવે છે. તથા તેની દોરીઓ વણી ગામડામાં ખાટલા ભરે છે. વળી હિંદુ લોકોએ દાભને પવિત્ર માનેલો છે, તેથી તેમની શ્રાદ્ધ વિગેરેની તથા ધાર્મિક ક્રિયાઓમાં તેમના આચાર્યો દાભનો (દર્ભનો) ઉપયોગ કરે છે. વળી ગ્રહણને દિવસે આભડ છેટ ન લાગે માટે હિંદુઓ બારી બારણાંઓની ફાટોમાં તેનું એકેક તરણું ઘાલે છે.

(શિક્ષકે દાભ બતાવવો અને તેનો દરેક ઉપયોગ સમજાવવો.)

ઝીંઝવો. આ ધાસનો ઝાઝો ઉપયોગ થતો નથી. ચરાઉ જાનવરોને તે બહુ ભાવે છે. અને ખેડુતો તેને સુકવીને પુળીઓ બાંધી તેની ગંજીઓ કરી મૂકે છે.

(શિક્ષકે ઝીંઝવો બતાવવો.)

મોથ આ ઘાસનાં મુળીઆં પર ગોળ ગડાઓ હોય છે. તેમાંથી ખુશબોદાર સુગંધ આવે છે. મોથ ઘણા ઉપયોગની છે તે વાત ધ્યાનમાં રાખવી ખુજળી ઉપર તે ચોપડવાથી ઘણી સારી અસર કરે છે. કેટલાંક માણસો તેને ધુપેલમાં નાખે છે. મોથમાંથી અત્તર પણ નિકળે છે.

(શિક્ષકે મોથ બતાવવીને તેનો તમામ ઉપયોગ સમજાવવો.)

હરોકે ધરો. એની દાંડીઓ જમીન ઉપર ઘણી ફેલાય છે અને જમીનમાં એવી જડ ઘાલે છે કે તેને આપણે વારેવારે મૂળમાંથી કાઢી નાખીએ તો પણ ફરી ફરીને ઉગે છે. આ ઘાસ લીલું કે સુકું હોય તો પણ ચરાઉ જાનવરો હેતથી ખાય છે.

દર્ભની માફક હિંદુ લોકો ધરોને પણ પવિત્ર માને છે અને કેટલાંક ધાર્મિક કામોમાં આચાર્યો તેનું પુજન કરાવે છે, તેનું ઘણું મહાત્મ્ય તો ધરોઆઠમ ભાદરવામાં આવે છે. ને દિવસે છે સ્ત્રીઓને પોતાના તથા પોતાના કુટુંબના કલ્યાણ માટે ધરોઆઠમનું વ્રત કરે છે. ને તે દિવસે ધરોપૂજન કરી અપવાસ કરે છે.

(શિક્ષકે ધરો, અને ધરોઆઠમ સમજાવવા.)

સરકટ. આ ઘાસ બધાથી જુદી જાતનું અને વધારે મોટું છે તે પાણીના વહેણની [illegible] થાય છે. તેની ચમરીઓ ઘણી સુંવાળી હોય છે. જાનવરોને એના વાસ બીલકુલ ગમતી નથી. તેથી તે એને ખાતાં નથી એ ઘાસ સૂકાય છે ત્યારે એની સળીઓની ટોપલીઓ, સુપડાં, સાદડીઓ વાછટીઆં વગેરે ઘણી ચીજો બનાવે છે અને એની પાંદડી તમાકુ બાંધવાના કામમાં આવે છે.

મુંજ. આ ઘાસ સરકટમાંથીજ થાય છે. સરકટની પાંદડીને ખૂબ કુચરી પછી પલાળે છે. તેજ મુંજ કહેવાય છે. તેની દોરીઓ વણી ખાટલા ભરે છે.

વરસાદથી ઉગી નિકળતાં ઘાસની હકીકત પૂરી થઇ હવે આપણે વાવવાથીજ ઉગે છે તે ઘાસ ઓળખીએ.

જાર, બાજરી, અને રાતડીઆના સાંઠા, ઘઉંનું કડબ, ડાંગરનું પરાળ, ખસલી, વિગેરે ઘાસ વાવીએ તોજ ઉગે છે.

આપણે જે જે અનાજ ખાઇએ છીએ તે બધાં જુદી જુદી જાતના ઘાસનાં બી છે. ઘાસનાં બી અનાજ જેવાં હોતાં નથી પણ ઝીણાં હોય છે. જાર, બાજરી, ઘઉં એ કાંઇ ઘાસનાં બી કહેવાય નહિં પણ અનાજનાં બી કહેવાય.

હજારો વર્ષોથી લોકો જાર, બાજરી, ઘઉં, અને ડાંગરની ખેતી કરે છે સારી જમીનમાં તે અનાજને વાવતાં તે ઉગે છે એમ વારે વારે વવાતાં અનાજનું બી પણ મોટું થયું છે

એ અનાજનો સાંઠો એજ ઘાસ કહેવાય, એજ વાવેલું ઘાસ (વાવવાથી ઉગેલું ઘાસ) મનાય. કારણકે ઘાસમાં અને સાંઠામાં કોઇ

જાતનો ફેર નથી. વળી ઘાસ ચરાઉ જાનવરોના ખાવામાં આવે છે
તેમ સાંઠા પણ તેમના ખાવામાં આવે છે ઘાસ અને સાંઠા સરખાવી
જોતાં જણાય છે કે "બંન્નેની પાંદડી સરખી છે. પાંદડી જ્યાં
બાઝેલી ત્યાં સાંઠાને ગાંઠો છે તેમ ઘાસને પણ ગાંઠો છે. એક ગાંઠાથી
બીજા ગાંઠા સુધી સળંગ સળી છે તે પેર કે કાતળી કહેવાય છે.
ઘાસને મથાળે જેમ પાંદડીનો ગુચ્છો છે તેવો ગુચ્છો સાંઠાને છેડે છે.
વળી એક બીજાનાં મુળીઆં પણ મળતાંજ છે."

ઘઉંનું કડબ. ઘઉંને લણી લેઇ ખળામાં નાખી તેના પર
હાલરૂં ફેરવી મસળી ઉપણી ઘઉં જુદા કાઢી લેતાં જે ઘાસ રહે છે
તેને કડબ કહે છે તે બળદોને બહુ ભાવે છે.

ડાંગરનું પરાળ. ડાંગરવાઢી ખળામાં ઢગલો કરી તેમાંથી ડાંગ-
રના દાણા જુદા કાઢી લેતાં જે ઘાસ રહે છે તે પરાળ કહેવાય છે.

ખસલી વગડામાં ઘણી નજરે પડે છે.

ખેડુત અને હળ.

ખેડુત એટલે જમીન ખેડી અનાજ વાવી, પકવનાર માણસ
બધા ધંધાઓ કરતાં ખેડુતનો ધંધો ઉત્તમ છે. કહેવત છે કે "ઉત્તમ
ખેતી મધ્યમ વ્યાપાર, અને કનિષ્ટ ચાકરી" ખરેખર ખેતીનો ધંધો
સૌથી ચઢિઆતો છે પણ રાંક છે.

ખેડુત સ્હવારમાં વ્હેલો ઉઠી હળ જોડી ખેતરમાં જઇ કામે
લાગે છે સવારથી બપોર સુધી લાગટ કામ કરી બપોરે (રોટલા
વખતે) હળ છોડી બળદને ચરવા મુકે છે. અને ઘેરથી ભાથું
આવેલું હોય તે આનંદથી ખાય છે. તેના ભાથામાં ભાત દાળ
રોટલી, શિખંડ પુરી, દુધપાક માલપુવા, લાડુ, શીરો કે બાસુદી
એવી ચીજો હોતી નથી અને એવી આળસ ઉત્પન્ન કરનારી ચીજો

તેને પસંદ પણ હોતી નથી જાડા જાર કે બાજરીના રોટલા, અથાણું મરચું, ચટણી, કઢી એવી સાદી ચીજ તેના ભાથામાં હોય છે તે ખેડુત પોતાના સાથીઓ સાથે હળી મળીને વહેંચી ખાય છે. (શહેરના લોકોની પેઠે નહિં કે "આપણા કુટુંબના માણસોને લાડુ લાવશી મુકજોને પેલા નોકરોને તો બે એક રોટલાને દાળ આપજો") ઊંચ ખેડુતમાં ઉદારતા સારી હોય છે, તે મહેમાનોની મેમાનગીરી માન પુર્વક કરે છે) પછી જ્યાં બપાર મટયા કે તરતજ હળ જોડીને કામે લાગી જાય છે તે છેક સાંજ પડેને સંધ્યાકાળ થાય ત્યારે ઘેર જઇ બળદને છોડી દાણો પાણી નીરી પાણીપાઇ, કોઢમાં બાંધી આખી રાત ખાઇ શકે તેટલું ઘાસ તેમના મોં આગળ મુકી નિરાંત ઘેર જઇને વાળુ કરે છે તેના વાળુમાં આપણા જેવી મરી મસાલે દાર અને મીઠી મઝાની વાનીઓ નથી હોની પણ ખીચડી, છાશ, દુધ રોટલા વગેરે સાદી વાનીઓ હોય છે.

ખેડુત ઉંચો, મીઠા ને લ્હેજતદાર ખોરાક, કે સારાં જમણની ચીજો કે પકવાનો નથી ખાતો, તો પણ તેનું શરીર, લઠ્ઠ, મજબુત અને જોરાવર હોય છે તે આળસુ થઇ કદી પણ બેસી રહેનો નથી. અનાજ, કપાસ, ફળ, ફુલ, ઘાસ વિગેરે ખેડુતજ પેદા કરે છે, તેના વડેજ સઘળાં માણસો અનાજ મેળવી શકે છે, તેના વડેજ આપણે ભપકાદાર અને ફેસનેબલ કપડાંઓ પહેરી શકીએ છીએ, અને આ. પણું જીવન પણ તેનેઆભારી છે. એ ગરીબ ખેડુત સખત મહેનત કરી, ટાઢ, તાપ, ને વરસાદ ખમીને પણ અનાજ પકવવામાં પાછો હઠતો નથી લઠ્ઠ શરીરવાળો એ આનંદી ખેડુત હમેશાં સંતોષી રહે છે. અને પોતાના દૃષ્ટાંતથી જગતને મહેનતુ થવાનું શીખવે છે. એવા આ સંસારને ગાળનારા, જગતના પાળક પિતારૂપ ખેડુતોનો

આપણે અંતઃકરણ પૂર્વક આભાર માનવો જોઇએ. અને તેને હરેક પ્રકારે સહાય કરવી એ આપણી ફરજ છે.

ખેડુતનું હળ. લાકડાનું હોય છે, ને ગામનો સુથાર તે બનાવે છે, તેમાં ભાર બહુ હોય છે. આપણાથી તો તે ખેંચી શકાય પણ નહીં છતાં ખેડુત તેને ઉચકીને માથાપર ધારે ત્યાં સુધી લઇ જઇ શકે છે. હળની અંદર લોઢાની કોશ હોય છે તે હળપુણી કહેવાય છે હળમાં લાંબોસડ (અહામ) હોય છે તેને ધુંસરી બાંધી બળદ જોડે છે. ને પછી છેડો. (હલેડી) પકડી હળ હાકે છે. હળ ખેતરમાં ચલાવતી વખતે પેલા છેડા ઉપર ભાર દે છે. એટલે કોશ (હળપુણી.) જમીનમાં પેશી જાય છે. તેથી જમીન ખોદાઇને પોચી થાય છે એટલે અનાજ વાવે છે.

(શિક્ષકે હળ અને તેના ભાગ રૂબરૂ બતાવવા તથા ખેડુત સંબંધી ઘણુંજ વિવેચન કરી છોકરાંઓને સમજાવવું)

પાઠ ૯ મો. ડાંગર.

ડાંગર=જેમાંથી ચોખા નીકળે છે તે.

ગામડાઓમાં તળાવની બાજુપરની ' ક્યારી જમીન ' જે મોટી મોટી પાળોવાળા લાંબા પ્હોળા ખાડા દેખાય છે તેજ ડાંગરનાં ખેતર તેનેજ ક્યારડા કહેવાય છે.

ચોમાસાની રૂતુમાં સારો. (જોઇએ તેવો) વરસાદ પડે તોજ ડાંગર પાકે છે. કુવાના પાણીથી તે પાકતી નથી. ને વરસાદના પાણી વગૈર તેને ચાલતું નથી.

પ્રથમ એક નાનકડો ક્યારો કરી તેમાં ડાંગર રોપે છે, ને તેના છોડ ઉગી નીકળે છે તેને ધરૂ કે તરૂ કહે છે. વરસાદ થયા પહેલાં બીજા ક્યારડાઓ ખેડીને તૈયાર રાખે છે. પછી જ્યારે સારો વરસાદ પડે ત્યારે પેલું ધરૂ ઉખેડી લાવી અગાઉ તૈયાર કરેલા ક્યારડાઓમાં છુટું છુટું રોપે છે તે વખતે ખેડુતોને બહુ મુશીબતો વેઠવી પડે છે. માથા ઉપર વરસાદ પડતો હોય તે વખતે કાદવ કીચડમાં સખત કામ કરવું પડે છે. ધરૂ રોપ્યા પછી તેને પાણી પાવાની ખાસ સંભાળ રાખવી પડે છે તેને માટે તળાવમાં ઝીલાંજોડી તેનાથી પાણી ઉલેચી ઢાળીયા (નીકો) બાંધેલા હોય તેમાં વહેવડાવે છે તે ઢાળીયાનું આગળ ક્યારડાઓ સાથે સાંધણ કરેલું હોય છે તેથી તમામ પાણી ક્યારડાઓમાં જાય છે. અને ક્યારડાઓની આજુબાજુ ફરતી પાળ બાંધેલી હોય છે તેથી પાણી બહાર વહી ન જતાં અંદરજ રહે છે આવી રીતે બીજે ત્રીજે રોજ પાણી પાવું પડે છે. જો પાણી પાવામાં ખેડુત બેદરકાર રહેતો તેની તમામ મહેનત અફળ જાય છે. (ડાંગર સુકાઈ બળી જાય છે)

થોડા દિવસો પછી ધરૂ ઉગી ઉંચું થાય છે, તે વખતે ક્યારડાઓ અપૂર્વ શોભાયમાન અને લીલા છમ દેખાય છે. તેને પવનનો ઝપાટો લાગે છે એટલે બધા છોડ એકીસાથે ડોલે છે તે દેખાવ આપણને આનંદ પમાડી દે છે.

એવી રીતે દિવાળી આવતાંમાંતો ડાંગર પાકીને તૈયાર થઇ જાય છે. જ્યારે ડાંગર બરાબર પાકી જાય છે ત્યારે પહેલાં જે ક્યારડાઓ લીલા છમ દેખાતા હતા તે બધા પીળા પીળા હળદરના ઢગલા જેવા દેખાય છે. પાક્યા પછી ડાંગરને કાપીને ક્યારડામાંજ

સુકવે છે. પછી તેના પુળા બાંધી ખળીમાં લઇ જાય છે. ત્યાં દાણા જુદા પાડે છે તેમ ડાંગરને પરાળ જુદું પાડે છે ડાંગરને ખાંડવાથી તેમાંથી છોડાં, કુસકી અને ચોખા નિકળે છે ચોખા રાંધીને માણસો ખાય છે તથા છોડાં ને કુસકી ઢોરને ખાવાને કામ લાગે છે.

પાઠ ૧૯ મો. શેરડી.

શેરડી બેજાતની હોય છે રાતી અને ધોળી તેના સાંઠા જાડા અને ચાર ચાર પાંચ પાંચ હાથ લાંબા હોય છે. સ્વાદે ગળી લાગે છે. તેનો ગોળ થાય છે.

શેરડી રોપવાની ભોયને પહેલાં સારી ખેડે છે પછી પુષ્કળ ખાતર નાખી પાણી પાઇ પોચી કરે છે. જો વરસાદ પડે તો ઘણું સારૂં નહિં તો કુવાના પાણીથી પણ જમીનને પોચી કરવી પડે છે.

શેરડીની ગાંઠની આસપાસનો ત્રણ ત્રણ આંગળનો ભાગ કે જેને માદળીઆ કહે છે. તે માદળીઆ ઉપર રહે તેમ જમીનમાં થોડે થોડે છેટે રોપે છે. કોઈ કોઈ લોકો તેના ઉપર મટી દાબી દે છે

શેરડીના પીતને પાણી પુષ્કળ જોઇએ માટે ત્રણ ત્રણ ચાર ચાર દહાડે તેને પાણી પાય છે શેરડી ભેગી કેટલીક શાક ભાજી પણ વાવે છે. શેરડી પાકાને તૈયાર થતાં દશ અગીઆર મહીના લાગે છે.

શેરડી ડુક્કર શિયાળ અને ભુંડને બહુ ભાવે છે કોઇ કોઇ વાર તેઓ વાડીમાં પેસી ઘણો બગાડ કરે છે જેથી તેની સંભાળ રાખવા માટે ઘણી મહેનત લેવી પડે છે કોઇ કોઇ તો એના ખેત-

રની અંદર એરંડા અને આજુ બાજુ થોર તથા કાંટાવાળાં ઝાડની ડાળીઓની વાડ કરે છે.

શેરડી પાકીને તૈયાર થાય છે એટલે તેના સાંઠાનાં પડછાં તથા મુળીઆં કાપી નાખી સાંઠાના ત્રણ કે ચાર કડકા કરી કોલુમાં ઘાલી પીલે છે એટલે તેમાંથી કુચા તથા રસ નીકળી જુદા પડી જાય છે. કોલુ લાકડાનો કે લોઢાનો હોય છે. તે ફરે છે ત્યારે કડ કડ કડ અવાજ થાય છે. ને તેને બળદો ખેંચે છે.

શેરડીના રસને લોઢાના તાવડામાં નાખી ઉકાળે છે. ઉકળતા ઉકળતાં તેમાં વારંવાર મેલ ને કસ્તર તરી આવે છે તે ઝારા વડે કાઢી લે છે. રસને ઘણી વાર સુધી ઉકાળતાં જ્યારે મધ જેવો ઘટ્ટ બને છે, ત્યારે તેને કુંડામાં ભરી ગાઢો પાડે છે. એટલે તે ગોળ કહેવાય છે ને તે માણસોના ખોરાકમાં ઘણા ઉપયોગની ચીજ છે.

પાઠ ૧૧ મો. રોટલી અને ભાત.

રોટલી ઘઉંના લોટનીજ થાય છે.

ખેતરમાં તૈયાર થયા પછી ઘઉંના ખેતરની લણણી કરી ખળામાં લાવે છે. ખળામાં ઘઉંની ઉંબીઓના ઢગલાપર હાલરૂં ફેરવી ઘઉં અને કુંવળ જુદાં પાડે છે. કુંવળ ઢોરને ખાવાના કામમાં અને ઘઉં માણસોને ખાવાના કામમાં આવે છે.

ઘઉંમાથી કાંકરા કસ્તર કાઢી ચોખ્ખા કર્યા પછી તેને ઘંટીમાં દળી લોટ બનાવે છે. તે લોટની રોટલી, રોટલા લાડુ, લાપસી, પુરી, શીરો, વિગેરે ખાવાની ચીજો બને છે.

રોટલી કરવાને માટે ઘઉંના લોટને ચાળી તેમાં જોઇતું પાણી નાખી કણક બાંધે છે, તેને ગુંદી રોટલી વણી લોઢી કે તાવડીમાં પકવે છે; ત્યારે રોટલી તૈયાર થાય છે.

રોટલી ખાવાથી શરીર જોરાવર થાય છે. જેને શરીરની મહેનત કરવી પડે છે; તે રોટલી ખાવા પર વધારે લક્ષ રાખે છે. રોટલી ઘી ચોપડ્યા વગર ખાવી નહિં. કારણ કે તેથી પેટમાં અપચો થાય છે.

ભાત.

ભાત એટલે ચોખા ડાંગરને ખાંડ્યાથી ચોખા નીકળે છે. તે ચોખા સુતરસાળ અને કમોદના કહેવાય છે. તે સિવાય રંગુની બાસી, જીરાશાઇ વિગેરે જાતના ચોખા આવે છે. તે ઉંચી જાતના હોવાથી મેંઘા મળે છે. જેથી પૈસાદાર લોકોજ ખાય છે.

ચોખાને પાણીથી ધોઇને રાંધવા. સારા બફાયા પછી થોડીવાર રહેવા દઇ ખાવાથી સારૂં પોષણ આપે છે. દાંત વગરનાં વૃદ્ધ અને માંદા માણુસો તથા બાળકોનો તો ભાત એજ મુખ્ય ખોરાક છે કારણ કે તે રોટલી કરતાં વહેલો પચી જાય છે. ચોખા સાથે સાકરને દૂધ ખાવાથી વધારે સ્વાદિષ્ટ લાગે છે. પણ તેથી ફક્ત શરીર જાડું થાય છે અને શક્તિનું કાંઇ પણ કામ થઇ શકતું નથી, ભાત દૂધને સાકર ખાનારાનાં શરીર રોગિષ્ટ રહે છે ને પળીઆં વહેલાં આવે છે. પૈસાદાર લોકો ભાતમાં દૂધને મીઠાઇ ખાય છે પણ ગરીબ ને મહેનતુ માણુસો તે ખાતા નથી. જાર, બાજરાના રોટલા કે મઠ, મગ વિગેરેની ખીચડીજ ખાય છે, તેમને રોટલી કે ભાતની જરૂર પડતી નથી.

પાઠ ૧૨ મો મધમાખ.

મધમાખીએ ઝાડ ઉપર, છાપરાંમાં, ઘરમાં અને ઘર બહાર આપણી નજરે ઘણી વખત જોવામાં આવે છે તે માખીઓ કરતાં જરાક મોટી હોય છે, તેને એક બાજુ ત્રણ અને બીજી બાજુ ત્રણ મળી કુલ છ પગ અને બ પાંખો હોય છે તેના શરીરમાં માથું પેટ ને જઠર પણ હોય છે ને તે ઘણીજ મહેનતુ ડાહી ચોકખા તથા આળસ વિનાની રહે છે. મધમાખની જાતનાં કરોળીઓ, મંકોડા, કીડીઓ રેશમના કીડા, અને પરવાળાંના જીવડાએ પણ ઘણાં ઉદ્યોગી જંતુઓ છે તે બીલકુલ પોતાનો વખત નકામો ગાળતાં નથી. આળસુ માણસોએ આ જંતુઓના દ્રષ્ટાંતથી સુધરી જઇ મહેનતુ થવું જોઇએ

મધમાખીઓ મધુપુડો બનાવે છે. એ મધુપુડામાં ત્રણ જાતની માખીઓ હોય છે. (૧) રાણી (મુખ્યમાખી) (૨) કામ કરનારી (૩) નર.

રાણી ઈંડાં મુકવાનું કામ કરે છે. મધપુડામાં બધે છ ખુણાવાળાં ખાનાં હોય છે; તેમાંનાં થોડાંક મોટાં અને બીજા નાનાં હોય છે એ નાનાં ખાનાંમાંજ રાણી ઇંડાં મુકે છે. તે ઇંડાંમાંથી જે પોતાના માફક રાણી થવા લાયક ઇંડાંઓ હોય છે તેમને મોટાં ખાનામાં મુકી બીજી માખીઓ પાસે સારી માવજતથી ઉછેરાવે છે. બધી માખીઓ રાણીના હુકમ બરાબર પાળે છે.

કામ કરનારી માખીઓ વગડાનાં ફુલોમાંથી રસ ચુસી લાવી મધપુડામાં ભરે છે, મધમાંથી મીણ બનાવે છે, ઇંડાંને ઉછેરે છે બચ્ચાંને ખવાડે છે, અને મધપુડાનું રક્ષણ કરે છે. આ માખીઓ

રાણીથી કાંઇક નાની હોય છે. ને રાણીની માફક તેમને પણ ડંખ હોય છે. તેનાથી તે મધપુડાનું રક્ષણ કરે છે.

આ સિવાય મધપુડામાં નર હોય છે, તેમનો પાછલો ભાગ જરા ગોળ વળેલો હોય છે, તેઓ કાંઇપણ કામકાજ કરતા નથી. ફક્ત આળસુ થઈ બેસી રહે છે. જેથી માખીઓ તેમને ત્રણ માસથી વધારે મુદત જીવવા દેતી નથી.

માખીઓ મધપુડા સ્વચ્છ રાખે છે. બીજા કોઇ જંતુને તેમાં પેસવા દેતી નથી.

મધપુડો જે ઝાડ પર કે જગાપર બાઝેલો હોય છે ત્યાં જઇ વાઘરી અને કોળી લોકો તેને ધુણી લગાડી દે છે એટલે ધુણીથી અકળાઇ માખો ઉડી જાય છે ત્યાર પછી તે મધપુડો ઉતારી તેને નીચોવી નાખી તેમાંથી મધ કાઢી વેચી ખાય છે.

મધના ભેગી ખાંડની ચાસણી નાખી તેને પણ મધ કહી વેચે છે માટે મધ લેતી વખતે પૂરે પૂરી સંભાળ રાખવી જોઇએ.

ચાસણી વાળું મધ માંદા માણસો ના ખાવામાં આવે તો ઘણું જ નુકશાન કારક છે. ચોખ્ખું મધ શિયાળામાં ખાવાથી શરીરને બહુ લાભ કરે છે.

મધપુડામાંથી મધ કાઢી લીધા પછી તેનું ખોખું તથા મીણ રહે છે મીણ ઘણા કામમાં આવે છે. અને ખોખાને વાદળી કહે છે તે વાગેલા જખમને ધોવા માટે ઘણા કામમાં આવે છે.

પાઠ ૧૩ મો બતક અને મરઘાં.

બતક અને મરઘાં એ પક્ષી કહેવાય.

જેને બે પાંખો, એક ચાંચ અને બે પગ હોય તે બધાં પક્ષી અથવા પંખી કહેવાય કેટલાંક પક્ષીઓ આકાશમાં ઘણે સુધી અગર થોડું ઉડે છે. કેટલાંક જમીન પરજ ચાલે છે ને કેટલાંક પાણીમાં પણ તરે છે. તેમ 'બતક' એ પાણીમાં તરતું પક્ષી છે. જલકુકડી પણ પાણીમાં તરતું પક્ષી છે.

'બતક'ની ચાંચ લાંબીને પહોળી હોય છે. તેને દાંત અને દાઢ હોતાં નથી તેથી તે આપણી પેઠે ખોરાકના કકડા કરીને ચાવી નથી પણ શકતી આખોને આખો ગળી જાય છે, તે અનાજ જીવડાં અને છોડની દાંડીઓ ખાય છે તેના શરીર ઉપર ધોળાં સુંદર અને ચીકણાં પીછાં હોય છે તેને હમેશાં તે પોતાની ચાંચવડે સાફ કરે છે. એનું શરીર ભારે અને પાંખ નબળી હોવાથી તે બહુ ઉડી શકતી નથી પણ તેના પગના આગલા ભાગમાં ચાર આંગળાં હોય છે તે પાતળી ચામડીથી જોડાએલાં રહે છે. જેથી તે પાણીમાં તરી શકે છે. તેનાં પીછાં ચીકણાં હોવાથી તે પાણીથી ભિંજાતાં નથી. એટલે તેના શરીરને પણ પાણી અડી શકતું નથી. અને કુકડાની માફક તે લગાર અવાજ તથા ખડખડાટથી સાવધ થઈ જાય છે બતક પોતાનાં ઇંડાં નદી-યા સરોવરમાં જ્યાં પોતે રહેતી હોય તેના કિનારા પર મુકે છે તે ઇંડાંમાંથી બચ્ચાં થાય છે. તે પાણીમાં ચાલ્યાં જાય છે.

મરઘાં. એટલે કુકડા એ જમીન ઉપર પગેથી ચાલનારાં પક્ષી છે. તેમનું શરીર બહુ ભારે હોય છે. અને પાંખો એ ટુંકી હોય છે. તેથી તે વધારે ઉંચે ઉડી શકતાં નથી. તેના પગનાં આંગળાં છુટાં હોય છે તેથી જમીનપર ઝડપથી ચાલી શકે છે. તેમની ચાંચ બતક જેવી પહોળી ને મોટી નહિં પણ નાની ને અણીદાર હોય છે. જેથી તે પોતાનો ખોરાક દાણા, ઝીણાં જીવડાં ઇયળો વિગેરે જલદીથી ઉપાડી શકે છે. બતકની પેઠે તે પણ પોતાનો ખોરાક આખોને આખો ગળી જાય છે.

બીજાં પંખીઓને પેઠે તે મનામાં પણ નર અને માદા હોય છે—' માદા ' ને 'મુરઘી' કહે છે તે ઇંડાં મુકે છે ને બચ્ચાંને ઉછેરે છે. તે જાતે બીકણ છે. જરા પણ ખડખડાટ થાય તો બચ્ચાંને પોતાની પાંખ તળે ઢાંકી દે છે. અને બચ્ચાંને જો કોઈ મારવા આવે તો તેનાપર ધસી પડતાં પાછી હઠતી નથી. મુરઘીનાં ઇંડાં ઘણા લોકો ખાય છે. જે લોકોને તે ખાવાનો શોખ હોય છે તેમના ઘર આગળ મુરઘી પાળેલી હોય છે.

' નર ' ને કુકડો કહે છે. તેને માંથે લાલ માંજર હોવાથી તે શોભિતો દેખાય છે. તેને ઉકરડા ખોતરવાની બહુ ટેવ હોય છે. કારણ કે તેનો ઘણો ખરો ખોરાક તેને ઉકરડામાંથીજ મળી આવે છે. તે સવાર થતાં પહેલાં પરોઢીઆમાં ' કુકરે કુક ' બોલે છે તેના બોલવાથી માણુસો સવાર પડયું જાણી ઉંઘમાંથી ઉઠી ધંધે લાગવા તૈયાર થાય છે. તે સિવાય બપોરે અને સાંજે પણ ' કુકરે કુક ' બોલે છે.

પાઠ ૧૪ મો. ચકલી.

'ચકલી' ઝાડ ઉપર ઘરના આંગણામાં અને રસ્તાઓપર ઉડતીને ચીચી કરતી ઘણી વખત જોવામાં આવે છે. તે આકાશમાં વધારે ઉડી શકે છે. તેથી ઉડતું પક્ષી કહેવાય છે. તે આપણી પેઠે એક પછી એક પગ એક પગ મુકીને ચાલતી નથી. પણ બન્ને પગ સાથે ઉપાડી ઠેકડા મારતી મારતી જમીનપર ચાલે છે. કોઇ કોઇ વાર તેને આપણા ઘરમાં પણ આમથી તેમ ઉડાઉડ કરતી જોઇએ છીએ.

તે રંગે ધોળી કે કાબરી હોય છે તે સિવાય કાળી પણ હોય છે. કાળી ચકલીને 'દુર્ગાચકલી' કહે છે. ચકલીનું શરીર બહુજ ન્હાનું હોય છે. તેની ચાંચ નાનીને અણીદાર હોવાથી દાણા અને જીવડાં તે જલદીથી પકડી ખાઇ જાય છે. તેને પગે પાછળ એક ને આગળ ત્રણ આંગળાં હોવાથી તે ઝાડની ડાળી મજબુત પકડીને બેસી શકે છે.

તે પોતાનો માળો ૨ તણખલાં, કરાંઠી ને એવી બીજી વસ્તુઓથી બનાવે છે. ઘણું કરીને ઝાડ ઉપર છાપરામાં કે કોઇ ખુણા ખોચરા સિવાય બીજે ઠેકાણે તે પોતાનો માળો રાખતી નથી. તેનો માળો બહારથી ઠીક દેખાતો નથી. પણ અંદરથી ૨. પીછાં, વાળ કે ઉન ગોઠવીને ઘણોજ સુંવાળો બનાવે છે.

તે વરસ બે કે ત્રણ વાર ઇંડાં મુકે છે. અને એકી ફેરે પાંચ છ ઇંડાં મુકે છે. તે ભુરા રંગનાં અને કાળાં ટપકાં વાળાં હોય છે. એ ઇંડાંમાંથી બચ્ચાં નીકળે છે. તેને સમડી, સાપ અને કાગડાનો ભય ઘણો હોય છે. તેઓ લાગ ફાવે તો બધાં ઇંડાં ભાગી

નાખે છે કે ખાઇ જાય છે બચ્ચાંને કેટલેક દિવસ પાંખો આવે છે. ત્યારે ચકલી તેમને ઉડતાં શીખવે છે ને ઉડતાં શીખે ત્યાં સુધી ચકલી તેમને ખવડાવે છે. ગામમાં અને સીમમાં રઝળી રખડીને જીવડાં, દાણા વિગેરે જે ખોરાક મળે તે વીણી લાવીને બચ્ચાંની ચાંચમાં ધીમે ધીમે મુકે છે.

ચકલીથી ખેડુતોને ઘણો ફાયદો થાય છે. ખેતરમાં એક જાતનાં ઝીણાં જીવડાં થાય છે કે જે ઉગતા છોડને તથા પાકને ઘણું નુકશાન કરે છે તે જીવડાંને ચકલી મારી નાખીને ખાઇ જાય છે. તેથી પાકને બહુ ફાયદો થાય છે.

પાઠ ૧૫ મો. ઘોડો.

'ઘોડા' સ્વારી કરવાના તથા ગાડીએ જોડવાના કામમાં આવે છે તથા લડાઇમાં પણ ઘોડાની જરૂર પડે છે. વિલાયતમાં તો ઘોડા હળ અને ગાડાં ખેંચે છે. તથા ખેતીનું કામ પણ કરે છે.

ઘોડાનો દેખાવ ઘણો મનોહર છે તેનું શરીર ભારે અને લાંબુ હોય છે. તેને ચાર પગ, એક પુછડું, બે ઉભા કાન, લાંબુ મોહું અને બે આંખો હોય છે. તેની ગરદન બહુ લાંબી હોય છે. ગરદન ઉપર સુંવાળા ચળકતા અને લાંબા વાળ હોય છે તેને **કેશવાળી કહે છે.**

ઘોડાના પગ પાતળા, પણ સાથળના થાપા, મહોળા જાડા, ને મજબુત હોય છે. પગને છેડે નક્કરને આખો દાબડો હોય છે તે કઠણ જમીનમાં ચાલતાં ઘસાય નહિં. માટે તેને નાળ જડાવે છે. તેથી સપાટ જમીન ઉપર ઘોડો ઝપાટાબંધ દોડી શકે છે

ઘોડાનું પુછડું બહુ હોય છે કારણ કે તેને છેડે લાંબા વાળ હોય છે તેનાથી તે મચ્છર અને ડાંસ, માખી વગેરે ઉડાડે છે. એ પુછડાનો વાળ મચ્છર કે ડાંસને વાગે તો તરત મરી જાય છે. કોઇ કોઇ માણસો શોભાને માટે પુંછડાના થોડા વાળ કાપી લઇ ટુંકું કરે છે એ વાળની ચમરીઓ સારી બને છે તે ચોમાસામાં મચ્છર ઉરાડવા કામ લાગે છે.

ઘોડાના **કાન** નાના ઉભા ને અણીદાર હોય છે. કાનની ઉપરની ટીસીઓ વધારે અણીદાર હોય ને તે બેની વચ્ચે થોડો મારગ હોય તે ઘોડો વધારે પાણીદાર ગણાય છે.

જે ઘોડાના **મોં** ઉપર બે કાણાં છે તે નસકોરાં કહેવાય છે. તે વડે સુંઘીને કોઇ વસ્તુ ખાય છે. મોઢામાં બે જડબાં છે. તેના આગલા ભાગના દાંત તીખા હોય છે તે વડે તે ખોરાક કાપે છે. અને પાછલા ભાગના દાંત ચપટા હોય છે તે વડે તે ખોરાક ચાવે છે. આગલા ને પાછલા દાંત વચ્ચે ખાલી જગા હોય છે તેમાં **લગામ** (ચોકડું) રહે છે. ઘોડા ઘાસ, ભુસુ, મઠ, ચણા, બાજરી વિગેરે ખાય છે. ઘોડામાં નર અને માદા બે જાત હોય છે. 'નર' ને ઘોડા તથા માદાને 'ઘોડી' કહે છે. ઘોડીને બચ્ચાં અવતરે છે તે **વછેરા કે વછેરી** કહેવાય છે.

ઘોડા ઘણી જાતના અને રંગના હોય છે. આપણા દેશમાં ઘણે ભાગે લાલ, ધોળા, અને કાળા ઘોડાજ જોવામાં આવે છે કાઠિઆવાડી, કચ્છી, તેજણ, અને અરબી, એ ઘોડાની જાત છે. તેમાં 'અરબી' ઘણા સુંદર, ગરીબ ને નિમકહલાલ હોય છે. અને પોતાના ધણી ઉપર બહુ પ્રીતિ બતાવે છે. તથા હુકમને તાબે રહે છે.

કોઈ ઠેકાણે ઘોડાની સરતો થાય છે ત્યારે ઘોડાઓ પાસે ટેકરીઓ અને પહોળા ખાડા કુદાવે છે. ઘોડો બહુ ઉપયોગી પ્રાણી છે. સવારીમાં. ગાડીએ જોડવામાં, અને લડાઇમાં તથા શિકારમાં તેના સિવાય ચાલે નહિં. ઘોડાને આપણે જેમ શીખવીએ તેમ શીખે એવું ચાલાક અને બુદ્ધિશાળી પ્રાણી છે. લડાઇના ઘોડાં કેળવાયલા હોય છે. અને એવા નિમકહલાલ હોય છે કે પોતાની જીંદગીના ભોગે પણ પોતાના માલીકને તે બચાવે છે. ઘોડાની જો સારી માવજત રાખવામાં આવે તો લગભગ ત્રીસ વરસ સુધી તે જીવે છે.

પાઠ ૧૬ મો. ઘોડાની જાતનાં પ્રાણી

ઘોડાને મળતાં પ્રાણીમાં ગધેડાં અને ખચ્ચર એ બે છે તે ખરી વાળાં જાનવર કહેવાય છે. ઘોડાને પગે ખરી હોય છે તેવી ગધેડા તથા ખચ્ચરને પણ હોય છે. તેઓ ઘણી ખરી બાબતે ઘોડાને મળતા આવે છે માટે ઘોડાની જાતનાં પ્રાણી કહેવાય છે. પણ તેમની અને ઘોડાની વચ્ચે ફેરવું છે તે ધ્યાનમાં રાખવું.

ઘોડા અને ગધેડા વચ્ચેનો તફાવત.

ગધેડાનાં કાન લાંબા ને મોટા હોય છે—ઘોડાના ટુંકાને અણીદાર હોય છે. ગધેડાની પુંછડીને છેડે વાળનો ઝુમખો હોય છે ને ટુંકી હોય છે. ઘોડાને તેમ નથી. ગધેડું નાનું અને બદસુરત છે. ગધેડું આખો દહાડો ભાર વહ્યાં કરે છે ને તેનો ધણી તેને જરા પણ બાબતમાં ડીફણાંથી મારે છે. ઘોડાને તેમ નથી. ગધેડાને મારીને કામ લેવાથી તે અડીઅલ ને ઠોઠ રહે છે. જો તેની સારી બરદાસ

લેવામાં આવે તો તે કબાગરૂં અને ચાલાક બને છે કારણ કે તે ઘણું મહેનતુ અને ધીરજ વાળું પ્રાણી છે. ગધેડું અડીઅલ, ઠોઠ, અને ધીમું પ્રાણી છે. ઘોડો ચપળ, ચાબાક ને ઝડપથી ચાલનાર છે. ગધેડું ભૂંકે છે અને ઘોડો ખોંખારે છે (હણહણે છે.)

ખચ્ચર એ ઘોડા કરતાં નાનું અને ગધેડા કરતાં મોટું હોય છે તેના કાન ગધેડાના કાન જેવા લાંબા હોય છે. ઘોડાની પેઠે તેને ગરદન અને પુંછડીપર લાંબા વાળ હોય છે. ખચ્ચરને ગાડીએ જોડવામાં આવે છે. તેને પગે પણ ઘોડા તથા ગધેડાની માફક દાબડા હોય છે. ખચ્ચર પહાડી પ્રદેશમાં ચાલવાને બહુ કામ લાગે છે. તે ઘણો વખત્ત કામ કરે છે છતાં થાકતું નથી.

ખચ્ચર અને ગધેડા સિવાય ઘોડાને મળતું એક પ્રાણી છે તેને ટટ્ટુ કહે છે, તે બાબતમાં તદન ઘોડાની જાતનું છે. ફકત ઘોડા કરતાં થોડું નાનું એટલોજ તફાવત છે.

પાઠ ૧૭ મો શરીરના ભાગ.

આપણા શરીરના મુખ્ય બે ભાગો છે (૧) ડાકું ધડ અને

(૨) ડાકાવાળા ભાગમા શું શું આવેલું છે તેઃ-

ડોકાના ઉપલા ભાગમાં માથું, ને માથા ઉપર વાળ હોય છે. તથા નીચે કપાળ હોય છે. કપાળ ઉપર વાળ હોતા નથી. કપાળ નીચે એટલે ડોકાના આગલા ભાગમાં બે આંખો હોય છે. આંખોપર કાળાં ભવાં અને તે પર પોપચાં છે પોપચાં પર વાળ હોય છે તે પાંપણો કહેવાય છે. ઝીણીરજ કે ઝીણાં જંતુઓને આંખમાં

પેસતાં પાંપણો અને પોપચાં અટકાવે છે ને આંખનું બધી તરફથી રક્ષણ કરે છે બંન્ને આંખોની વચ્ચે નાક હોય છે નાકમાં બે કાણાં હોય છે તેનાથી શ્વાસ લેવાય છે. આંખોને કાન વચ્ચે લમણા તથા મોંને કાન વચ્ચે ગાલ હોય છે. નાકની નીચેનો ભાગ મોઢું કહેવાય છે. તેમાં જીભ, ને દાંત હોય છે. તે બંન્ને હોઠ વડે ઢંકાય છે. હોઠની નીચેના ભાગને દાઢી કે ડાચું કહે છે.

ડોકાની અને ધડની વચ્ચેના ભાગને ગળું કે ગરદન કહે છે. ગળામાં આગળના ભાગમાં હડીઓ છે તે જો જરાપણ દબાય તો આપણો શ્વાસ બંધ થાય ને આપણે ગુંગળાઇને મરી જઈએ. ગળાની પાછળના ભાગને બોચી કહે છે.

ધડમાં શું શું આવેલું છે તે.

ધડની ઉપલી બાજુ પાસે બે ખભા છે. ખભાંની નીચે કોણી અને કોણીની નીચેના ભાગને હાથ કહે છે કોણી આગળથી હાથને જેમ વાળવા હોય તેમ વળી શકે છે. હાથમાં કાંડું. હથેલી અને આંગળા હોય છે. બે હાથ અને બે ખભાની વચ્ચે છાતી અને છાતીની નીચે પેટ છે. પેટની નીચે પેઢુ અને પેઢાની બે બાજુએ બે કેડો છે. બોચીથી કેડ સુધીના ભાગને બરડો કે વાંસો કહે છે. બરડાની વચમાં હાડકાની લાંબી લીટી જેવું દેખાય છે તેને કરોડ કહે છે કેડની નીચેના ભાગને સાથળ કે જાઘ કહે છે. બંન્ને સાથળોની નીચે ઘુંટણને ઢીંચણ આવેલા છે ઢીંચણમાંથી પગને ગમે તેમ વાળી કે ચલાવી શકાય છે. ઢીંચણની નીચેના ભાગને પગ કહે છે ઢીંચણથી પગની પાટલી સુધી સાંધા વગરનો આખો નળો છે. પાટલીની નીચે તળીઉને પાછળ એડી હોય છે.

પાઠ ૧૮ મો ઇંદ્રિયો.

આપણે કોઈ પણ વસ્તુ જોઇ શકીએ, જાણી શકીએ, ઓળખી શકીએ કંઈપણ હકીકત સાંભળી શકીએ, ટાઢું, ઉનું પારખી શકીએ, સ્વાદ બે સ્વાદ જાણી શકીએ વિગેરે બધું આપણે જેનાથી જાણવા પામીએ છીએ; તેને ઇંદ્રિયો કહે છે.

આપણા શરીરમાં **પાંચ** ઇંદ્રિયો છે.

(૧) આંખ (૨) કાન (૩) નાક (૪) જીભ (૫) ચામડી.

હરેક ઇંદ્રિના કામ.

(૧) **આંખથી** આપણે કોઇપણ ચીજ, પ્રાણી અને કુદરતી બનાવ જોઇ શકીએ છીએ ને તેનો રંગ, આકાર, વિગેરે સારી રીતે જાણી શકીએ છીએ.

(૨) **કાનથી** આપણે કંઇપણ વાત હકીકત સાંભળી શકીએ છીએ તથા બંદુક, તોપ અને જાનવરોના તથા બીજા કોઇ પણ અવાજ સારી રીતે સાંભળી શકીએ છીએ અને પારખી શકીએ છીએ.

(૩) **નાકથી** સુંઘી શકીએ છીએ અને સારી નરસી વાસનું ભાન થાય છે.

(૪) **જીભથી** આપણે સ્વાદ જાણી શકીએ છીએ ખારૂં, ખાટું, તીખું, ગળ્યું, કડવું તરતજ પારખી શકીએ છીએ આ દુનિયાંમાં બધી વસ્તુઓ આપણે ખાવા માટેજ નિર્માણ થયેલી નથી. કેટલીક ચીજો એવી છે કે તે ખાવાથી બે ભાન થઇએ અગર મરી જઇએ તે ચીજોને આપણે નાકથી સુંઘી અને જીભથી જાણી તેનાથી દૂર

રહીએ છીએ જો જીભમાં સ્વાદ પારખવાની શક્તિ ન હોત તો સાકર અને મીઠું સાથે ખાતનો પણ તેને આપણે ઓળખી શકત નહિં.

(૫) ચામડીથી આપણને કોઇ વસ્તુ અડકતાંજ ટાઢું, ઉનું, લીસું, પોચું, ખરબચડું પારખી શકીએ છીએ સૌ કરતાં આપણે કોઇ બી ચીજને આંગળી અડાડવાથી તરતજ માલમ પડી આવે છે.

પરમકૃપાળુ પ્રભુએ આપણને બધી ઇંદ્રિયોની બક્ષિસ સારી આપેલી છે તેને માટે તેનો પાડ માનવો જોઇએ કારણકે ઉપરની પાંચે ઇંદ્રિમાંથી એક પણ ઇંદ્રિની માણસને ખોડ હોય છે તો તેનું જીવન તદન નકામું થઇ જાય છે ને તે બહુ દુઃખી થાય છે.

પાઠ ૧૯ મો રંગ.

આ દુનિયાંમાં ફક્ત પાણી સિવાય દરેક વસ્તુનો કાંઇ પણ રંગ પ્રભુએ નક્કી કરેલો છે. રંગ વગરની ચીજોથી માણસોનાં દિલખુશી થતાં નથી. મૂળ રંગ લાલ, પીળો અને વાદળીએ ત્રણજ છે ને તેના મિશ્રણથી બીજા ઘણા રંગો બને છે.

કંકુ સુકાં મરચાં અને પોપટની ચાંચનો રંગ લાલ કહેવાય છે.

હળદર, કેસર અને સોનાનો રંગ પીળો કહેવાય છે.

ગળી, સીસું અને આકાશનો રંગ વાદળી કહેવાય છે.

આ ત્રણ મૂળ રંગોની સાથે બીજું મિશ્રણ કરવાથી ક્યા ક્યા રંગો બને છે તે જોઇએ.

લાલ અને પીળાનું મિશ્રણ કરવાથી નારંગી રંગ બને છે.

પીળા અને વાદળીનું મિશ્રણ કરવાથી **લીલો** રંગ બને છે.

લાલ અને વાદળી મળીને **જાંબુડો** રંગ બને છે.

નારંગી રંગ.

(૧) એક પ્યાલામાં લાલ રંગનું તથા પીળા રંગનું પાણી ભેગું કરી જરા હલાવી પછી ધોળું કપડું બોળવાથી કપડાપર નારંગી રંગ દેખાશે.

(૨) પીળા અને રાતો કાચ એક બીજાપર મુકીને જોવાથી પણ **નારંગી** રંગ જણાય છે.

નારંગી નામનું ફળ થાય છે તેનો જે રંગ તે નારંગી રંગ કહેવાય છે.

લીલોરંગ

(૧) પીળારંગના પાણીમાં વાદળી રંગનું પાણી નાખી તેમાં ધોળું કપડું બોળવાથી તેને **લીલો** રંગ ચડેલો જણાશે.

(૨) પીળા અને વાદળી કાચ એક બીજાના ઉપર રાખી જોશો તો પણ **લીલો** રંગ જણાશે.

ઝાડનાં પાંદડાં, લીલાં મરચાં, કેટલાંક **કાચાં ફળ,** ને **પોપટની પાંખ** એ બધાં લીલા રંગનાં છે.

જાંબુડારંગ.

(૧) વાદળી રંગનું પાણી અને લાલ રંગનું પાણી એક પવાલામાં ભેગું કરી કપડું ધોળું બોળવાથી તે કપડાને **જાંબુડો** રંગ ચડેલો દેખાશે.

(૨) વાદળી તથા રાતો કાચ એક બીજા પર રાખીને જોવાથી પણ **જાંબુડો** રંગ જણાશે.

'**જાંબુ**' નામના ફળની અંદરનો રંગ **જાંબુડો** કહેવાય છે.

ગુલાબીરંગ.

થોડો ખુલતો લાલરંગ લઈ તેમાં ધોળો રંગ નાખવાથી **ગુલાબી** રંગ થાય છે.

કીરમજીરંગ.

ખુલતો લાલરંગ લઇ તેમાં થોડો ઘેરો વાદળી રંગ મેળવવાથી **કીરમજી** રંગ થાય છે તે **પાઘડી, સેલાં,** અને બૈરાંઓના **સાલુપર** ચઢાવે છે.

કેશરીરંગ.

પીળા રંગમાં ખુલતો લાલરંગ મળવવાથી **કેસરીઓ** રંગ થાય છે તે કેસરના રંગને મળતોજ હોય છે.

કત્થાઇરંગ.

નારંગી અને લીલો રંગ મેળવી તેમાં તપખરી અને નારંગી તથા જાંબુડો રંગ ભળવવાથી કત્થાઇ રંગ બને છે.

રાખોડીરંગ.

ધોળોરંગ લેઇ તેમાં થોડો કાળો રંગ મેળવી રાખોડીરંગ બનાવે છે.

ભુરોરંગ.

ધોળારંગમાં વધારે કાળો રંગનું મિશ્રણ કરવાથી ભૂરોરંગ થાય છે.

પોપટીઓરંગ.

ઝાંખા વાદળી રંગમાં થોડો ખુલતો પીળોરંગ નાંખવાથી **પોપટીઓ** (પોપટના જેવો) રંગ બને છે.

ઉપર પ્રમાણે રંગરેજો મૂળરંગો ઓછા વત્તા લેઇને બીજા અનેક રંગો બનાવી શકે છે.

પાઠ ૨૦ મો. લુગડાં.

લુગડાં પહેર્યા વગર માણસને બીલકુલ ચાલી શકે નહિં.

લુગડાં પહેરવાથી ટાઢ, તડકો ઓછાં લાગે છે. શરીર શોભિતું દેખાય છે. અને સારૂં જાતન થાય છે.

લુગડાં ઘણી જાતનાં બને છે **સુતરાઉ** લુગડાં, **રેશમી** લુગડાં ઉનનાં લુગડાં. શણુનાં લુગડાં, ને જનાવરનાં ચામડાનાં લુગડાં.

સુતરાઉ કપડાં કપાસના ખેતરમાંથા કાલા વીણી લાવી કપાસ કાઢે છે. તેમાંથા ચરખાની મદદ વડે કપાશીઆ જુદા પાડી રૂ કાઢે છે. કપાશીયા ઢોરને ખાવાના કામમાં આવે છે અને રૂને કાંતીને સૂતર કરે છે. તેમાંથી **ખાદી આદરપાટ, મલમલ,** શેતો, **જગન્નાથી, ડુવિલ,** વીગેરે ઘણી જાતનાં કાપડ બનાવે છે તે કાપડનાં પહેરવાનાં લુગડાં બને છે. સુતરનાં કપડાં દોશીવાણીઆઓની દુકાને **છીંટ બારતો, સેલાં, જામદાની, ખાદી** વિગેરે વેચાય છે.

રેશમી કપડાં એક જાતના રેશમી કીડાઓ રેશમ બનાવે છે તેના તાંતણા ભેગા કરી લુગડાં વણે છે તેને રેશમી લુગડાં કહે છે. તે ઘણુંજ મોઘાં મળે છે. તેથી ગરીબ લોકો તેનો ઝાઝો ઉપયોગ કરતા નથી. વાર તહેવારે અને જમણવારે ઘણાં ખરાં ઉંચી નાતના લોકો રેશમી કપડાં પહેરે છે.

ઉનનાં કપડાં. ઉન ઘેટાના શરીર ઉપર થાય છે. ચૈત્ર તથા ભાદરવા મહીનામાં ભરવાડ તથા રબારી લોકો તે કાતરી લે છે. ને તેનાં લુગડાં વણે છે તે ઉનનાં કપડાં કહે છે. ઉનનાં કપડાંથી ટાઢ કે સરદી લાગતી નથી જેથી તે શિયાળામાંજ પહેરાય છે.

'કાસ્મીર' નામના દેશમાં 'અંગોરા' બકરાં થાય છે તેન શરીર પરથી પણ ઉન ઉતરે છે, તેની સાલો બને છે.

શિયાળાની મોસમમાં કાબુલી લોકો તે શાલો વેચવા સા આવે છે તે ઘણી મોઘી મળે છે. જેથી રેશમી કપડાંના જેવોજ તેને ઉપયોગ થાય છે.

શણના લુગડાં—કંતાનનાં કપડાં તેજ શણનાં લુગડાં કહેવાય છે. શણના છોડમાંથી રેસા ઉતારીને તેને કાંતી પછી તેનાં લુગડા વણે છે ફક્ત ગરીબ લોકોજ તેનો ઉપયોગ કરે છે.

જનાવરનાં ચામડાનાં લુગડાં—

બહુજ ગરીબને જંગલી લોકોને ઉનકે સુતરનાં કપડાં પહેરવાને મળતાં નથી તે લોકો જનાવરના ચામડાનાં કે ઝાડની છાલનાં લુગડાં બનાવી પહેરે છે. અને વગડાનાં ફળ મુળ ખાય છે

આપણને માણસોને પ્રભુએ અક્કલ આપેલી છે જેથી ઉપર પ્રમાણે ભિન્ન ભિન્ન કપડાં તૈયાર કરી પહેરી શકીએ છીએ ને પશુ પંખાઓને તેમાંનું કશું કરવું પડતું નથી દયાળુ પ્રભુએ તેમને પણ શરીરનું ઢાંકણ આપેલું છે. તેમના ડીલપર વાળ રૂવાંટી અને પીછાં આપેલાં છે તેથી તેમને ટાઢ કે તાપ ઝાઝાં લાગતાં નથી. જળચર જનાવરોને પણ તેવીજ સગવડતા કરી આપી છે. પાણીમાં માછલાંઓ હોય છે તેમના ડીલપર ભીંગડાં કરેલાં છે તે તેમના શરીરનું ઢાંકણ છે. મહાન્ પ્રભુએ જેને જેવું જોઇએ તેવું આપેલું છે માટે તે જગત કરતારનો આભાર માની તેની અંતઃકરણ પૂર્વક ભક્તિ કરવી એ પ્રાણી માત્રનું જરૂરનું કર્તવ્ય છે.

લી. ગવરીશંકર આશારામ માસ્તર,
અમદાવાદ.